**આજનો સુવિચાર**

આપણી મર્યાદાઓ આપણા પોતાના સદ્ગુણોના પડછાયા છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૩૨ જૂનાગઢ તા.૧૮-૦૧-૨૦૨૫ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 32, Junagadh : Date : 18 January, 2025, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# ૩૧ જાન્યુઆરીથી બજેટસત્રનો પ્રારંભ થશે : ૧ ફેબ્રુઆરીએ બજેટ

નવી દિલ્હી, તા.૧૮ : દેશમાં સંસદનું બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીથી પ્રારંભ થશે. બજેટ સત્રના પ્રથમ દિવસે રાષ્ટ્રપતિનું અભિભાષણ થશે અને ૧ ફેબ્રુઆરીએ બજેટ રજૂ કરવામાં આવશે. પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળનું આ પ્રથમ બજેટ સત્ર હશે. બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૩૧ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી સુધી ચાલશે અને બીજો તબક્કો ૧૦ માર્ચથી ૪ એપ્રિલ સુધી ચાલશે. બજેટ સત્ર દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારમણ દેશનું આઠમુ બજેટ રજૂ કરશે. આ વખતે પણ નાણામંત્રી ૧ ફેબ્રુઆરીએ સામાન્ય બજેટ રજૂ કરશે.

દેશની ૧૮ મી લોકસભાનું આ ચોથું સત્ર હશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૩૧ જાન્યુઆરીએ સવારે ૧૧ વાગ્યે સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરશે. આ અગાઉ ગયા વર્ષે યોજાયેલા શિયાળુ સત્રમા હંગામો જોવા મળ્યો હતો. શિયાળુ સત્રના પહેલા ચાર દિવસ માટે ગળહની કાર્યવાહી સંપૂર્ણપણે સ્થગિત કરવામાં આવી હતી.

# આયુષ્યમાન યોજના દિલ્હીમાં લાગુ નહીં થાય સર્વોચ્ચ અદાલતે હાઈકોર્ટના આદેશ પર સ્ટે મુક્યો



## આયુષ્યમાન ભારત યોજના દેશનું સૌથી મોટું કૌભાંડ છે : અરવિંદ કેજરીવાલ

નવી દિલ્હી તા.૧૮ સુપ્રીમ કોર્ટે શુક્રવારે દિલ્હી હાઈકોર્ટના આદેશ પર સ્ટે મૂક્યો હતો, જેમાં આમ આદમી પાર્ટીની સરકારને આયુષ્માન ભારત મિશનને લાગુ કરવા માટે ૫ જાન્યુઆરી સુધીમાં કેન્દ્ર સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરવા માટે કહેવામાં આવ્યું હતું. જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ એજી મસીહની બેંચે દિલ્હી સરકારની અરજી પર કેન્દ્ર સરકારને નોટિસ મોકલીને તેનો જવાબ માંગ્યો છે.

૨૪ ડિસેમ્બરે દિલ્હી હાઈકોર્ટે કહ્યું હતું કે દિલ્હીના લોકોને સુવિધાઓથી વંચિત ન રાખવા જોઈએ. તેથી યોજનાનો સંપૂર્ણ અમલ કરવો પડશે. દિલ્હી સરકારે તેની સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. રાજ્યમાં આયુષ્માન ભારત યોજના લાગુ કરવાને લઈને દિલ્હી સરકાર કેન્દ્ર સાથે વિવાદમાં છે. કેન્દ્ર સરકારે તેને ૩૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ યોજના લાગુ કરી દીધી છે.

સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે આયુષ્માન ભારત યોજના દેશનું સૌથી મોટું કૌભાંડ છે. મને ખુશી છે કે સુપ્રીમ કોર્ટે આ વાતની પુષ્ટિ કરી છે.

## અગાઉ દુબઈમાં રહેતા ભારતીય નાગરીકે બીગ ટિકીટ ડ્રોમાં ૧૦ લાખ દિરહામ જીત્યા

દુબઈ તા.૧૮ દુબઈના ભૂતપૂર્વ રહેવાસી જે હવે ભારતમાં પાછા ફર્યા છે, તેમણે યોજાયેલા બિગ ટિકિટના સાપ્તાહિક ઈ-ડ્રોમાં ૧ મિલિયન દિરહામ જીત્યા. આ અણધારી જીતનો તે એકમાત્ર વિજેતા છે. કર્ણાટકના ૬૦ વર્ષીય નિવૃત્ત એકાઉન્ટન્ટ સુંદર મારકાલા ૨૫ વર્ષથી દુબઈમાં કામ કરતા હતા. ૨૦૨૧ સુધી ત્યાં રહ્યા પછી, તેઓ હવે તેમના વતનમાં તેમની પત્ની અને પુત્રી સાથે શાંતિપૂર્ણ નિવૃત્ત જીવનનો આનંદ માણી રહ્યા છે. અમીરાતમાં તેમના સમય દરમિયાન, તેમને ૭ વર્ષ પહેલાં બિગ ટિકિટ વિશે પહેલી વાર ખબર પડી. ઓફિસના સાથીદારો સાથે જૂથ પ્રવૃત્તિ તરીકે શરૂ થયેલી પ્રવૃત્તિ ટૂંક સમયમાં એક વ્યક્તિગત પરંપરા બની ગઈ, કારણ કે તેઓએ લગભગ દર મહિને એન્ટ્રીઓ જાતે ખરીદવાનું શરૂ કર્યું.

# ડુંગળી-બટેટા-ટમેટા-કઠોળના ભાવ ઘટ્યા : મોંઘવારીમાં રાહત

નવી દિલ્હી,તા.૧૫ શાકભાજીથી માંડીને અનાજ-કઠોળ સહિતની ચીજોના ઉંચા ભાવના ભારે ઉહાપોહ વચ્ચે હવે રાહત થવા લાગી છે કારણ કે છેલ્લા એક મહિનામાં બટેટા, ટમેટા તથા ડુંગળીની કિંમતમાં સરેરાશ ૩૧ ટકાનો ઘટાડો થયો છે. આ સંજોગોમાં ફુગાવો નીચો આવવા સાથે રિઝર્વ બેંક આવતા મહિનામાં વ્યાજદરમાં ઘટાડો જાહેર કરી શકે છે.

કેન્દ્રના નાગરિક બાબતોના મંત્રાલય દ્વારા જારી કરાયેલા રિપોર્ટ પ્રમાણે બટેટાની કિંમત એક મહિનામાં કિલોના રૂા.૩૭થી ઘટીને ૩૦ થઈ ગઈ છે. ડુંગળીનો ભાવ રૂા.૫૧થી૩૦ ટકા ઘટીને રૂા.૩૯ થયો છે. જયારે ટમેટાનો ભાવ ૪૫ રૂપિયાથી ૩૧ ટકા ઘટીને કિલોના રૂા.૩૧ના સ્તરે આવી ગયો છે.




શાકભાજી સિવાયની અન્ય ખાદ્યચીજોના ભાવોમાં પણ ઘટાડો છે. ચોખાનો ભાવ રૂા.૪૩.૩૫ થી ઘટીને ૪૨.૭૮ થયો છે. ચણાદાળનો રીટેઈલ ભાવ રૂા.૯૪.૧૬થી ઘટીને રૂા.૯૨.૬૩ થયો છે. તુવેરદાળનો ભાવ રૂા.૧૫૮.૬૦ થી ઘટીને ૧૫૨.૬૪, અડદદાળનો ભાવ રૂા.૧૨૪.૦૭થી ઘટીને ૧૨૩.૨૮ તથા મગદાળનો ભાવ રૂા.૧૧૪.૩૦ થી ઘટીને ૧૧૩.૧૮ નોંધાયો છે.

શિયાળામાં હવામાન લગભગ એક સમાન રહ્યુ હોવાના કારણોસર શાકભાજીને કોઈ નુકશાન થયુ નથી. સારૂ ઉત્પાદન આવતા ભાવો ઘટી ગયા છે. લીલા શાકભાજીના ભાવમાં મોટો ઘટાડો થયો છે. કોબીજનો ભાવ ૧૦ રૂપિયા કિલો થઈ ગયો છે. પાલકના રૂા.૧૫ તથા વટાણાના ૫૦ રૂપિયા થઈ ગયા છે. ગાજર, મુળા, મેથી સહિતના લીલા શાકભાજી ૧૫થી૨૫ રૂપિયાની રેન્જમાં આવી ગયા છે.

## સ્ટાન્ડર્ડ ડીડકશનની મર્યાદા રૂા.૭૫ હજારથી વધારીને રૂા.૧ લાખ કરવા વિચારણા

નવી દિલ્હી, તા.૧૮: જૂની કર વ્યવસ્થાને નાબૂદ કરવાના હેતુથી, સરકાર આગામી સામાન્ય બજેટમાં કરદાતાઓ માટે નવી કર વ્યવસ્થાને વધુ આકર્ષક બનાવશે. સરકાર નવી સિસ્ટમમાં નવા ટેક્સ સ્લેબ ઉમેરવાની, આવકવેરો મુક્ત આવકની મર્યાદા તેમજ પ્રમાણભૂત કપાત મર્યાદા વધારવાની યોજના ધરાવે છે. આ સામાન્ય બજેટમાં, સરકાર આગામી નાણાકીય વર્ષમાં અથવા તેના એક વર્ષ પછી જૂની કર પ્રણાલીને નાબૂદ કરવાનું પણ વિચારી રહી છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૦૨૦ ના સામાન્ય બજેટમાં જૂની કર વ્યવસ્થાને નાબૂદ કરવા માટે નવી કર વ્યવસ્થા રજૂ કરવામાં આવી હતી. ત્યારે સરકારની યોજના આ સિસ્ટમ દ્વારા કર ચુકવણીને સરળ બનાવવાની તેમજ જૂની કર પ્રણાલીથી મુક્તિ મેળવવાની હતી.

આ સામાન્ય બજેટમાં જૂની કર વ્યવસ્થા નાબૂદ કરવાની શકયતાઓ પર ટોચના સ્તરે વિચારણા કરવામાં આવી રહી છે. સરકારી સૂત્રોનું કહેવું છે કે જો આ સામાન્ય બજેટમાં આ અંગે જાહેરાત નહીં કરવામાં આવે તો આવતા વર્ષે રજૂ થનારા સામાન્ય બજેટમાં જૂની કર પ્રણાલી નાબૂદ કરવાની જાહેરાત ચોક્કસપણે કરવામાં આવશે.

## અંબાણી દંપતિ ટ્રમ્પના શપથવિધી સમારોહમાં હાજરી આપશે



નવી દિલ્હી, તા.૧૮: રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન નીતા અંબાણી સોમવારે રાષ્ટ્રપતિ-ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે. આ માહિતી આ કાર્યક્રમનું આયોજન કરનાર એક અધિકારીએ આપી હતી. આ ભારતીય પાવર કપલને સમારોહમાં એક મહત્વપૂર્ણ સ્થાન મળશે. મુકેશ અંબાણી, પત્ની નીતા અંબાણી સાથે, ટ્રમ્પના કેબિનેટના નોમિની અને ચૂંટાયેલા અધિકારીઓ સહિત અન્ય નોંધપાત્ર મહેમાનો સાથે સ્ટેજ પર બેસશે.

# ખ્યાતિકાંડના મુખ્ય આરોપી કાર્તિક પટેલની અમદાવાદ એરપોર્ટ ખાતેથી ધરપકડ



## ૬૫ દિવસથી ફરાર આરોપી આખરે પોલીસના સકંજામાં આવ્યો

અમદાવાદ, તા.૧૮: ખ્યાતિ હોસ્પિટલકાંડમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચે હોસપિટલના ડાયરેક્ટર અને અત્યાર સુધી ફરાર કાર્તિક પટેલને દબોચી લીધો છે. ગત મોડી રાત્રે અમદાવાદ એરપોર્ટ પરથી તેની ધરપકડ કરાઈ છે. ક્રાઈમ બ્રાંચની ટીમે ઈન્ટરનેશનલ પોર્ટ પરથી તેની ધરપકડ કરી હતી. કૌભાંડ બહાર આવ્યું ત્યારથી કાર્તિક પટેલ ફરાર હતો. આ કેસમાં તબક્કાવાર ઘણા આરોપીઓ પકડાઈ ચુકયા છે. અને કેસમાં મુખ્ય આરોપી કાર્તિક પટેલ જ ફરાર હતો હવે સકંજામાં આવેલા કાર્તિક પટેલની પૂછપરછમાં મોટા ખુલાસા થઈ શકે છે.

અગાઉ કાર્તિક સામે લુક આઉટ નોટિસ જાહેર કરાઈ હતી. એટલું જ નહીં, તેણે વિદેશથી બેઠા-બેઠા આગોતરા જામીન અરજી પણ કરી હતી. પરંતુ જામીન મંજૂર પણ થયા નહોતા. સૂત્રોના મતે કાર્તિક પટેલ પહેલા ઓસ્ટ્રેલિયા અને ત્યાર બાદ દુબઈ ભાગી ગયો હતો. હવે તેને આરોપીની જેમ ક્રાઈમ બ્રાંચની કસ્ટડીમાં રાખવામાં આવશે.

ખ્યાતિકાંડમાં છેલ્લા ૬૫ દિવસથી ભાગતો ફરતો મુખ્ય આરોપી અને હોસ્પિટલના ડાયરેક્ટર કાર્તિક પટેલની ગત મોડીરાત્રે અમદાવાદ એરપોર્ટ પરથી ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે તબક્કાવાર આઠ આરોપીને ઝડપી પાડ્યા હતા. આ કેસમાં ૯ મો મુખ્ય આરોપી કાર્તિક પટેલ જ ફરાર હતો, જે એક દેશથી બીજા દેશમાં ભાગતો ફરતો હતો.

## હવે મોબાઈલથી સાયબરફ્રોડની ફરિયાદ થઈ શકશે

નવી દિલ્હી,તા.૧૮ દૂરસંચાર વિભાગે સંચાર સાથી મોબાઈલ એપ રજૂ કરી છે. આ એપના લોન્ચ થવાથી હવે કરોડો ગ્રાહક પોતાના મોબાઈલથી જ સાઈબર ફ્રોડ કે બોગસ કોલની ફરિયાદ કરી શકશે. કેન્દ્રીય સંચાર મંત્રી જયોતિરાદીત્ય સિંધીયાએ સમગ્ર દેશમાં દુરસંચાર પહોંચ, સુરક્ષા અને સશક્તિકરણને વધારવા માટે એક ઐતિહાસિક પગલા તરીકે નાગરિક-કેન્દ્રીત અનેક પહેલોનો શુભારંભ કર્યો હતો. આ કાર્યક્રમના મુખ્ય આકર્ષણોમાં સંચાર સાથી મોબાઈલ એપ, રાષ્ટ્રીય બ્રોડબેન્ડ મિશન (એનબીએમ) ૨.૦નો શુભારંભ અને ડીબીએન દ્વારા ૨.૦નો શુભારંભ અને ડીબીએમ દ્વારા નાણાસહાય ૪-જી મોબાઈલ સાઈટો પર ઈન્ટ્રા સર્કલ રોમીંગ સુવિધાનું ઉદઘાટન સામેલ હતું.

# સૈફ પર હુમલો કરનાર આરોપી મુંબઈ પોલીસને હંફાવી રહ્યો છે : પોલીસની ૩૫ ટીમ શોધી રહી છે

મુંબઈ તા.૧૮ બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાન પર હુમલામાં ૪૮ કલાક થયા પણ હજુ સુધી આરોપી પકડાયો નથી. અત્યારસુધી બે સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. જેમાં આરોપીએ રાતે ૧.૩૬એ એન્ટ્રી કરી અને ૨.૩૩એ એક્ઝિટ કરી હતી. લગભગ ૫૭ મિનિટમાં તેને આ સંપૂર્ણ ઘટનાને અંજામ આપ્યો. આ હાઈપ્રોફાઈલ કેસને ઉકેલવા માટે મુંબઈ પોલીસ ઝડપી કાર્યવાહી કરી રહી છે. આરોપીઓને પકડવા માટે ૩૫ ટીમ બનાવાઈ છે.

બાંદ્રા પોલીસ બે વ્યક્તિની પૂછપરછ કરી રહી છે બાંદ્રા પોલીસ હાલમાં આ કેસમાં બે લોકોની પૂછપરછ કરી રહી છે. બંનેનો દેખાવ સૈફ પર હુમલો કરનાર વ્યક્તિ જેવો જ હોવાનું કહેવાય છે. પોલીસે ગુનાના સ્થળેથી એકત્રિત કરાયેલા ફિંગરપ્રિન્ટ્સ પણ ફોરેન્સિક લેબમાં મોકલી દીધા છે. તપાસમાં જાણવા મળ્યું કે બુધવારે રાત્રે લગભગ ૨ વાગ્યે સૈફ પર હુમલો થયા પછી, ગુરુવારે સવારે લગભગ ૮ વાગ્યે શંકાસ્પદ વ્યક્તિ બાંદ્રા સ્ટેશન પર જોવા મળ્યો હતો.

'સૈફ હાલમાં નિવેદન નોંધાવવાની સ્થિતિમાં નથી' લીલાવતી હોસ્પિટલના ડોક્ટરે કહ્યું કે સૈફને ખાનગી વોર્ડમાં ખસેડવામાં આવ્યો છે, પરંતુ તે હાલમાં નિવેદન નોંધાવવાની સ્થિતિમાં નથી.

સૈફ અલી ખાન પર હુમલો કરનાર આરોપીનો નવો ફોટો સામે આવ્યો છે. જેમાં તે પીળા શર્ટમાં જોવા મળી રહ્યો છે. સૈફ પર હુમલો કરનાર શખ્સ કપડાં બદલી-બદલી પોલીસ સાથે સંતાકૂકડી રમી રહ્યો છે.

## એફડી, લોકર અને બચત ખાતા માટે નોમિનિ જરૂરી

નવી દિલ્હી, તા.૧૮: રિઝર્વ બેંકે બેંકો અને NBFC (નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ) ને નોમિની (કાનૂની વારસદાર) અંગે સૂચનાઓ જારી કરી છે. આ મુજબ, હવે દરેક ફિક્સ્ડ ડિપોઝિટ (FD), બચત ખાતા અને લોકર માટે નોમિનેશન જરૂરી છે. RBI એ બધી બેંકોને તેમના બધા જૂના અને નવા ગ્રાહકો પાસેથી નોમિનેશન સુનિશ્ચિત કરવાનો આદેશ આપ્યો છે. નોમિનેશન સુવિધાનો ઉદ્દેશ્ય થાપણદાર/થાપણકર્તાઓના મૃત્યુ પર પરિવારના સભ્યોને પડતી મુશ્કેલી ઓછી કરવાનો અને દાવાઓનું ઝડપી સમાધાન કરવાનો છે.

## અમુલ શિખંડમાંથી ફુગ નીકળતા ફરિયાદ નોંધાઈ

વલસાડ તા.૧૮ વલસાડના વશિયર વિસ્તારમાં ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. અમૂલના મેંગો શ્રીખંડના ગ્રાહકે ખરીદેલા તમામ પેકેટમાંથી ફૂગ મળી આવતાં ખળભળાટ મચી ગયો છે. વલસાડના ગ્રાહકે આ ઘટનાનો વીડિયો પુરાવો લઈને ફૂડ એન્ડ ડ્રગ વિભાગમાં ફરિયાદ નોંધાવી છે. સ્થાનિક કાપડના વેપારી રતનસિંહ ચૌહાણે ડીમાર્ટ સ્ટોરમાંથી ખરીદેલા અમૂલ મેંગો શ્રીખંડમાં ફૂગ મળી આવતાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગમાં ફરિયાદ નોંધાવી છે.

## આજે વડોદરાના હરણી બોટ કાંડની વરસી ૧૪ મૃતકોને શ્રધ્ધાંજલી અપાઈ

વડોદરા તા.૧૮ ૧૮ જાન્યુઆરી ૨૦૨૪ની નમતી બપોરે હરણી તળાવમાં પ્રવાશે નીકળેલા ન્યૂ સનરાઈઝ સ્કૂલના માસુમ બાળકો સવાર બોટ ડૂબી ગઈ હતી. ગણતરીની મિનિટોમાં ૧૨ બાળક અને બે શિક્ષકાઓ મળી ૧૪ જિંદગી ભૂતકાળ બની હતી. સમગ્ર રાજ્યને હચમચાવી મૂકનારી આ ઘટનાને આજે એક વર્ષ થઈ ગયું છે. આજે પણ મૃતકોના પરિવારજનો આ ઘટનાને યાદ કરતાં ધ્રુજી જાય છે. આજે પરિવારજનો દ્વારા ન્યૂ સનરાઈઝ સ્કૂલની સામેના ગ્રાઉન્ડમાં શ્રધ્ધાંજલિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

**સેલ્સમેન જોઈએ છે**
શુટીંગ - શર્ટીંગ કાપડ લાઈનનાં અનુભવી સેલ્સમેન જોઈએ છે.
**એન.એમ. સન્સ**
મો. ૯૪૦૯૦ ૭૬૪૩૨

**રોટ.. રોટ.. રોટ..**
પવિત્ર રજબ મહિના નિમિત્તે રોજે રોજનું તાજુ રોટ મળશે.
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

**મકાન વેંચવાનું છે**
જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે
:: કોન્ટેક ::
મો. ૯૯૦૧૨ ૭૨૯૯૫

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ચંદુભાઈ મારવાણીયા
મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪
**ઉમીયાજી સીંગતેલ મીની ઓઈલ મીલ**
મગફળીનું ડબ્બલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.
સીંગતેલ લેવા માટેનું સ્થળ :
**ઉમીયાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ**
શુભમ કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે, ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ADMISSION OPEN
English Medium / Gujarati Medium
JAVIYA SCHOOLING SYSTEM
For Play House to Std. 12
(SCIENCE - COMMERCE) & sTD.11 (ARTS)
જાવિયા સ્કૂલિંગ સિસ્ટમમાં ધોરણ-૧૧ સાયન્સ (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ)માં સ્કોલરશીપ આધારીત **એડમીશન મેળવવા માટેની સોનેરી તક**
Shreenathji Park, Dhandhusar Road, Zanzarda - Junagadh - Mo. 93774 44493

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




**બીના ઈલેક્ટ્રોનિક્સ**
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



# રઘુવંશી વિદ્યાર્થીઓએ IAS, IPS જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર

## વેરાવળમાં લોહાણા મહાજન દ્વારા ૧૧૬ તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૮

વેરાવળ લોહાણા મહાજન દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માન કરવાનો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં સીએ, ડોકટર જેવા અભ્યાસક્રમોમાં અભ્યાસ કરવાની સાથે સાથે IAS, IPS જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઉપર પણ રઘુવંશી વિદ્યાર્થીઓએ ધ્યાન કેન્દ્રિત કરી આગળ વધવા મહાનુભાવોએ અપીલ કરી હતી. વેરાવળ લોહાણા મહાજનના પ્રમુખ વિક્રમભાઈ તન્ના તથા ઉપપ્રમુખ મુકેશભાઈ રૂપારેલીયા સહીત કારોબારી સભ્યો અને શિક્ષણ સમિતિના નેજા હેઠળ સરસ્વતી સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં વડોદરાની ખાસ હાજર રહેલા અધિક કલેકટર પંકજભાઈ ઓંધિયાએ સંબોધનમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા કહેલ કે, રઘુવંશી બાળકો મોટાભાગે સીએ, મેડીકલ જેવા અભ્યાસ ક્રમોમાં જ રૂચી ધરાવે છે. ત્યારે વાલીઓએ જાગૃત થઈને સરકારના ભાગ બની લોહાણા સહિત સર્વ સમાજના ઉધ્ધાર માટે IAS, IPS, પ્રાંત અધિકારી જેવા પદો માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી સફળ થવા માટે ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. કારણ કે, આવા પદો ઉપર આપણા સમાજની હાજરી નહીવત જેવી છે. ત્યારે રઘુવંશી બાળકોને અભ્યાસના ધ્યેયમાં સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓને લક્ષ્ય બનાવવા અપીલ કરી હતી. જામનગરના કન્યા કેળવણીકાર ભાવનાબેન પોપટએ પણ દીકરીઓને સરકારી પરીક્ષાઓ આપવા અનુરોધ કર્યો હતો. આ સમારોહમાં સમાજના ૧૧૭ તેજસ્વી તારલાઓને શૈક્ષણિક કીટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. પરંપરા મુજબ ગુરુ શિરોમણી એવોર્ડથી ઈન્દુબેન કાંતિલાલ છગ, પરેશકુમાર જગજીવનદાસ કારીયા, નિલમબેન કિરીટભાઈ વસંતનું મહાનુભાવોના હસ્તે સન્માન કરાયુ હતુ. અનિષ રાચ્છને સન્માનિત કરાયેલ હતા. આ કાર્યક્રમમાં જયકરભાઈ ચોટાઈ, અશોકભાઈ ગદા, ગીરીશભાઈ કારીયા, કિરીટભાઈ ઉનડકટ, કિશોરભાઈ સામાણી, પાલીકાના ચેરમેન દિક્ષિતાબેન અઢીયા, બિપીનભાઈ અઢિયા, સુનિલભાઈ સુબા, રાહુલ તન્ના, હરેશ કાનાબાર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા સમાજના યુવા શિક્ષકો, શિક્ષણ સમિતિના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# NAAC(રાષ્ટ્રીય મૂલ્યાંકન પ્રત્યાયન પરિષદ) દ્વારા સરકારી વિનયન કોલેજ ભેસાણનેરાષ્ટ્રીય કક્ષાએ B+ ગ્રેડ પ્રાપ્ત થયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

ઉચ્ચ શિક્ષણમાં રાષ્ટ્રીય કક્ષાએ કોલેજોની ગુણવત્તાનું મૂલ્યાંકન કરતી NAAC (નેશનલ અસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સિલ) બેંગલોર દ્વારા તા.૬ અને ૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજસરકારી વિનયન કોલેજ, ભેંસાણની મુલાકાત કરવામાં આવી હતી. આ પીઅર ટીમમાં ડો.ગોપાલાકૃષ્ણન-ચેરપર્સન (કેરળ), ડો. રોમેટ જોન-મેમ્બર-કોર્ડીનેટર (કર્ણાટક) અને ડો. ઈલામથી જાનકીરમણ (સભ્ય) પોંડીચેરી દ્વારા મુલાકાત લઈને કોલેજની અધ્યયન, અધ્યાપન પ્રવૃત્તિઓ અને રચનાત્મક કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. NAAC કમિટી દ્વારા કોલેજના તમામ વિભાગો, વર્ગખંડો, વિવિધ પ્રવૃત્તિઓ, લાઈબ્રેરી, NSS, સ્પોર્ટ્સ, વહીવટી વિભાગ, કોલેજને મળતી વિવિધ ગ્રાન્ટ, વિવિધ ફેસીલીટી તેમજ કોલેજ બિલ્ડીંગની મુલાકાત અને ડોક્યુમેન્ટ ચકાસણી કરી હતી. NAAC ટીમનું આચાર્ય, સમગ્ર સ્ટાફ અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ પરંપરાગત રીતે ભવ્ય અને ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યુ હતું. આચાર્ય ડો. ભરતકુમાર બાંભણીયાએ કોલેજની સિદ્ધિઓ વર્ણવી હતી, તથા IQAC કોર્ડીનેતર ડો. પી.વી. ગુરનાણી અને તમામ વિભાગના અધ્યક્ષ અને અધ્યાપકોએ વિભાગની સિદ્ધિઓને 'નેક' કમિટી સમક્ષ રજૂ કરી હતી. NAAC કમિટીએ વિદ્યાર્થીઓ, વાલીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ભક્ત કવિ નરસિંહ મેહતા યુનિ.ના સભ્યો, KCGના મેમ્બર અનેપ્લેસમેન્ટ કરતી જુદી-જુદી કંપની સાથે મીટીંગ કરી, તેમના સૂચનો સાંભળ્યા હતા. કોલેજમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી




સુવિધાઓથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. તેમજ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. 'NAAC' કમિટીએ સંસ્થા હજુ વધુ સારી રીતે ગુણવત્તાથી શિક્ષણ કઈ રીતે આપી શકે તે માટે જરૂરી માર્ગદર્શન આપી મૂલ્યાંકનનો રીપોર્ટ સમગ્ર સ્ટાફની હાજરીમાં બંધ કવરમાં આચાર્યને સોંપ્યો હતો. મૂલ્યાંકનને આધારે 'NAAC' પિઅર ટીમ દ્વારા તારીખ ૧૬-૦૧-૨૦૨૫ના રોજ સંસ્થાને આગામી પાંચ વર્ષ માટે માન્ય B+ ગ્રેડ એનાયત કરવામાં આવ્યો. હાલમાં સમગ્ર ગુજરાતમાં સરકારી કોલેજોનું NAAC એક્રેડીટેશન મેળવવા માટેની પ્રક્રિયા થઈ રહી છે ત્યારે સરકારી વિનયન કોલેજ ભેસાણ સમગ્ર ગુજરાતમાં B+ ગ્રેડ મેળવનાર પાંચમી કોલેજ બની છે. ભેસાણ કોલેજની આ સિદ્ધિ બદલ કોલેજના તમામ અધ્યાપકો, બિનશૈક્ષણિક સ્ટાફ, IQAC કો-ઓર્ડીનેટર તમામ વિદ્યાર્થીઓ તથા કોલેજ પરિવારને કોલેજના ભૂતપૂર્વ આચાર્ય ડો. યોગેશકુમાર પાઠક તથા વર્તમાન આચાર્ય ડો. ભરતકુમાર બાંભણીયા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# વેરાવળની દર્શન સ્કૂલનો ૧૯મો વાર્ષિકોત્સવ ઉજવાયો

## બોર્ડની પરીક્ષામાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપી સન્માનીત કરાયા



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૮

વેરાવળની દર્શન સ્કૂલ તથા ન્યૂ દર્શન સ્કૂલનો ૧૯ મો વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. આ તકે કલેક્ટર દિગ્વીજયસિંહ ડી. જાડેજા (આઈ.એ.એસ.), ભાજપ પ્રદેશમંત્રી ઝવેરીભાઈ ઠકરાર, જીલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પિઠીયા, પૂર્વ પ્રમુખ માનસિંહભાઈ પરમાર, મહામંત્રી દિલિપભાઈ બારડ, અખિલ ભારતીય અધિવક્તા પરિષદ કિશોરભાઈ કોટક, જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળા, બી.એ.પી.એસ. મંદિરના સ્વામી અખંડ ચિંતન સહીતના ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જીલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાનું સન્માન કરવામાં આવેલ હતું. સમાજ શ્રેષ્ઠીઓમાં ગિરીશભાઈ ઠક્કર, હિતેશભાઈ માંડવીયા, કૌશિકભાઈ કાનાબાર ના સેવાકીયા કાર્યો તેમજ દર્શન શાળામાંથી અભ્યાસ કરી ડો.રાજેશ ઘનશાણી, ડો.ઈશાન પ્રશ્નાણી, ડો.રવિ ગરચર, ડો.હેમાંગ ઠકરાર, ડો.વિપુલ ઘનશાણી, ડો. કોમલ પોપટ, ડો.જલ્પા લાખાણી, ડો.ધ્રુવિલ પોપટ, સી.એ. બનેલા નિકી રૂપારેલ, હોશલ પટેલીયા, સાગર દુસારા સહીતનાને કલેક્ટરના હસ્તે સન્માન પત્ર આપવામાં આવેલ હતું. આ ઉપરાંત ધો.૧૦ બોર્ડની પરીક્ષાઓમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ રાઠોડ યશ્વી, પંપાણીયા ગ્રીષ્મા, ઉનડકટ નીલ, ટાંક ધ્રુવ, વિઠ્ઠલાણી એશા, સામટા યશ્વી, વાઢેર ભુમિકા બારીયા હિતેશ્વરીને રોકડ પુરસ્કારો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરેલ જેમાં બટોગે તો કટોગેની કૃતિ, હાલમાં કોલકતામાં થયેલ ડોકટરની અસહ્ય હત્યાના કરૂણ દ્રશ્યો, વૃદ્ધાશ્રમથીમમાં માતા-પિતા પર થતું વર્તન અને તેમને ભોગવવી પડતી મુશ્કેલીઓ રજુ કરેલ અને નાના ભુલકાઓ દ્વારા જુદા-જુદા કાર્યક્રમો રજૂ કરેલ ત્યારબાદ કરાટેના દાવો રજૂ કરેલ હતાં. આ પ્રસંગે વાલીઓ બ્હોળી સંખ્યામાં હાજર રહેલ અને અંતે શાળા પ્રમુખ ભૂપેન્દ્રભાઈ વિઠલાણીએ મહેમાનોને મોમેન્ટો આપેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢના તરવૈયા પત્રકાર અમાર બખાઈનો આજે જન્મદિવસ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢના તરવૈયા પત્રકાર અમ્માર બખાઈનો આજે ૨૫માં વર્ષમાં પ્રવેશ પરંતુ તે કેવો નસીબદાર છે કે, માતા પુત્રનો એક જ દિવસે જન્મદિવસ છે. અમાર બખાઈની માતા અમીનાબેન બખાઈનો પણ આજે જન્મદિવસ છે ત્યારે અમ્મારએ પણ તેની માતાના જન્મદિવસની શુભકામનાઓ પાઠવી છે. નાનપણથી પત્રકાર બનવાના સપના સાથે રહેલ યુવાન અમ્માર બખાઈ છેલ્લા ૬ વર્ષથી જૂનાગઢ શહેરમાં પત્રકારિતા કરી રહ્યા છે. અમ્માર બખાઈના પિતા આસિફભાઈ બખાઈ પોલીસ વિભાગમાં ૩૫ વર્ષ ફરજ બજાવી ચૂક્યા છે પરંતુ હાલ તે દુનિયામાં હયાત નથી પરંતુ પિતાનું નામ પુત્રએ નાની ઉંમરમાં રોશન કર્યું છે. નાનપણથી ટીવી ચેનલમાં સમાચાર જોઈ અને પોતે સમાચાર બોલતો અને બાદમાં પત્રકાર બનવાનું સપનું તેનું સાકાર થયું છે અને મીડિયામાં તે ખૂબ સારી કામગીરી કરી રહ્યા છે. હાલ તે જૂનાગઢ શહેરમાં પત્રકારિતા કરી રહ્યા છે અને ખાનગી સેટેલાઈટ ન્યૂઝ ચેનલમાં ફરજ બજાવે છે. નાની ઉંમરમાં પરિવારનું નામ રોશન કર્યું છે જયારે આજે તેમનો જન્મદિવસ છે ત્યારે મિત્ર સર્કલ, પરિવારજન અને ચાહકગણ ૯૧૦૬૬ ૫૩૫૫૧ પર જન્મદિવસની ખુબ ખુબ શુભકામના પાઠવવામાં આવી રહી છે. આજના દિવસે અલ્લાહ અને પ્રભુ પાસે એજ પ્રાર્થના કે, અમાર બખાઈ તેમની જિંદગીમાં આગળ વધે અને આજ રીતની



નામના મેળવતા રહે. અને જન્મ દિવસની ખુબ ખુબ શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

# પી.ડી.યુ. મેડિકલ કોલેજ ખાતે બે દિવસીય 'સોમાકોન' કોન્ફરન્સ યોજાઈ

## અમેરિકાના ખ્યાતનામ ડો. શેન ટબ્સની ઉપસ્થિતિમાં એનેટોમી વિભાગ દ્વારા સી.એમ.ઈ. વર્કશોપ યોજાયો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૮

રાજકોટ પી.ડી.યુ. મેડિકલ કોલેજના એનેટોમી વિભાગ દ્વારા બે દિવસીય 'સોમાકોન' - ૨.૦ કોન્ફરન્સનું આયોજન ૧૮ અને ૧૯ જાન્યુઆરીના રોજ રાજકોટ સિવિલ કેમ્પસ સ્થિત પી.ડી.યુ. મેડીકલ કોલેજ ખાતે કરવામાં આવ્યું છે. આ અંગે અમેરિકાના મેડિકલ એનેટોમીના ખ્યાતનામ ડો. શેન ટબ્સની પ્રેરક ઉપસ્થિતિમાં આજરોજ સી.એમ.ઈ. અંતર્ગત પ્રિ-કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં રિવર્સ ટ્રાન્સલેશન રિસર્ચ વિષયક સ્પીચ તેમજ પેપર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતાં. આ પ્રિ-કોન્ફરન્સમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ ઉપસ્થિત રહ્યા હતાં. આવતી કાલથી બે દિવસીય 'સોમાકોન - ૨.૦' નો સાંસદ રામભાઈ મોકરિયાની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં પ્રારંભ થશે. જેમાં એનેટોમી વિભાગ સંલગ્ન કોન્ફરન્સમાં વિખ્યાત ડોક્ટર્સ દ્વારા માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવશે. ૨૦૨૫-૨૬ વર્ષ માટે સોમાકોન કોન્ફરન્સ માટે ડો. એસ પી રાઠોડને પ્રેસિડેન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

કોન્ફરન્સને સફળ બનાવવા મેડીકલ કોલેજના ડીન ડો. ભારતી પટેલ, ડો. આશિષ પંડ્યા સહિત કોલેજના અન્ય વિભાગો દ્વારા માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવી રહ્યું છે.

# મહુવા સ્વામિનારાયણ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવે અનેક ધાર્મિક ઈતિહાસ રચ્યા : મહોત્સવનું પ્રતિષ્ઠા સાથે થયું સમાપન



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૮ : ગઢડા શ્રી ગોપીનાથજી મહારાજના તાબાનું શ્રી સરધારધામ સંચાલિત તીર્થધામ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરની સ્વામિનારાયણના જયઘોષ સાથે ગત ૮ જાન્યુઆરીથી પ્રારંભ થયેલ નવ દીવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનો અંતિમ દિવસે પ્રતિષ્ઠા દિને અનેક ધાર્મિક ઈતિહાસ સાથે સુખ રૂપ વિના વિઘ્ન ઠાકોરજીની કૃપા સાથે સમાપન થયું હતું. આ મહોત્સવનો પ્રારંભ દર્શનીય પોથીયાત્રા સાથે કરવામાં આવ્યો હતો. જેમાં હાથી, ઘોડા અને કલાત્મક રથો જોડાયા હતા તેની સાથે નવ દીવસીય સંત્સંગી જીવન કથાનો પ્રારંભ કથા મંડપમાં કરવામાં આવેલ જે કથા લાખોની સંખ્યામાં ભક્તોએ શ્રવણ કરી પુણ્યનું ભાથું બાંધી ભાગ્યશાળી બન્યા હતા. તો આ મહોત્સવમાં આશરે ૧૨ થી ૧૫ લાખ લોકોએ ભાવ પૂર્વક પ્રસાદ ગ્રહણ કરેલ તેવી માહિતી મળી રહી છે. આ મહોત્સવમાં લગભગ મોટાભાગના દેશોમાંથી ભક્તોએ પધારીને મહોત્સવને માણ્યો હતો. આ મહોત્સવમાં રાખેલ સર્વ રોગ મેડિકલ કેમ્પમાં રેકોર્ડ બ્રેક દર્દીએ નિદાન કરી એક્સરે રિપોર્ટ કરાવી સારવાર મેળવી હતી. તો મોટી સંખ્યામાં લોકોએ રક્તદાન કરી રક્તદાન કેમ્પને સફળ બનાવ્યો હતો. આ મહોત્સવના નવે નવ દિવસ અવનવા ધાર્મિક સામાજિક પ્રેરક રાત્રી કાર્યક્રમ પણ રાખવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ વખત જ મહુવાને જોવા મળ્યા હોય તેવા પ્રોગ્રામ પણ લોકોને જોવા મળ્યા હતા અને લોકો ખુશ થયાં હતા અત્યાર સુધીના મહુવા મહોત્સવથી ભવ્ય રીતે ઉજવાયેલ સ્વામિનારાયણના ૬૩૦ વીઘાના ઉત્સવના અંતિમ દિને સવારના સત્રાની કથા ગાનમાં પધારેલ પ.પૂ.ધ.ધૂ. આચાર્ય રાકેશપ્રસાદ મહારાજ પાસેથી દાતા, મહાનુભાવોએ સન્માન સાથે આશીર્વાદ ગ્રહણ કરેલ હતા. આ પાવન દિવસે આચાર્ય દ્વારા મહોત્સવના સંદર્ભે આશિર્વચન પણ પાઠવવામાં આવેલ હતા. આ પ્રતિષ્ઠા દિવસે બરોબર અભિજીત મહુર્તમાં યજમાનની ઉપસ્તિથીમાં પૂજ્ય નિત્યસ્વરૂપસ્વામીજીની ખાસ નિશ્રામાં સંતોની હાજરીમાં પ.પૂ.ધ.ધૂ. આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના કર કમળ દ્વારા વિધિ વિધાન સાથે રવિન્દ્રભાઈ શાસ્ત્રીના સ્વમુખે બોલાયેલ વેદોક્ત મંત્ર વચ્ચે સ્વામિનારાયણના જયઘોષ સાથે ભગવાન સ્વામિનારાયણ, ભગવાન ગણપતિજી, હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા આતશબાજી ઢોલ નગારાના ધ્વનિ સાથે કરવામાં આવેલ સાથો સાથ મંગલ વાતાવરણની પ્રથમ આરતી બાદ અન્નકૂટના દર્શન ખુલ્લા મુકવામાં આવેલ. તેમની સાથે કળશ પૂજન, ધ્વાજા પૂજનની સાથે યજમાન તેમજ સંતો દ્વારા ધ્વજારોહણ કરવામાં આવેલ. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહેતા મંદિર પરિસર ટૂંકું પડેલ હતું. આ દિવ્ય વાતાવરણ સાથે મહુવામાં ભવ્ય રીતે અવનવા પ્રોગ્રામ સાથે ૬૩૦ વીઘામાં મિષ્ટાન ફરસાણના મહાપ્રસાદ સાથે ઉજવાતા આ દિવ્ય મહોત્સવે અનેક ધાર્મિક ઈતિહાસ રચ્યા હતા. આ પ્રસંગે યજમાન, સ્વયંસેવક, જમીનદાતા, સરકારી તંત્ર, પોલીસ વિભાગ તરફથી મળેલ સેવા બદલ સ્વામીજી એ વિશેષ આભારની લાગણી વ્યકત કરી સૌને આશીર્વાદ પાઠવ્યા હતા.


**રોયલ ગેસ સ્ટવ**

૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G.
ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં
વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ

**રોયલ ગેસ સ્ટવ**

એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે

માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે,
મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ

મો.૮૮૬૬૦ ૨૭૬૧૩


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
**વિજય ઘી ડીપો**
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી,
આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

**સ્વાદનો ચટકો !**
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
**જલારામ પાણીપુરી**
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

**બેકરી શો-રૂમમાં કામ કરી શકે**
અનુભવી માણસોની જરૂર છે
બહુ જ સારો પગાર મળશે
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જલજીવન આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ,
જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જરના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

## જૂનાગઢ જીલ્લામાં શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ, બાળકોને લગતી વિવિધ યોજનાઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી






**● સુરક્ષા, સ્વાસ્થય, અને શિક્ષણ ક્ષેત્રે દરેક બાળક અવ્વલ બને એ દિશામાં ટીમ વર્ક થી કામ કરીએ - અધ્યક્ષ : વિવિધ વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યા**

**● સમીક્ષા બેઠક પુર્વે સિવિલ હોસ્પિટલ, જેલ, પ્રાથમિક શાળાઓ, સખી વન સ્ટોપ સેન્ટરર, શિશુ મંગલ સંસ્થા સહિતની મુલાકાત લીધી.**

જૂનાગઢ,તા. ૧૮

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જરના અધ્યક્ષસ્થાને જૂનાગઢ કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં જૂનાગઢ જિલ્લામાં શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ, તેમજ બાળકોને લગતી વિવિધ યોજનાઓની કામ થયેલ કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠક પુર્વે સિવિલ હોસ્પિટલ, જેલ, પ્રાથમિક શાળાઓ, સખી વન સ્ટોપ સેન્ટરર, શિશુ મંગલ વિશિષ્ટ દતક સંસ્થા સહિતની મુલાકાત અધ્યક્ષશ્રી લીધી હતી.

અધ્યક્ષએ પ્રાથમિક શાળા પી.એમ ગિરનાર દરવાજા મધ્યાન ભોજન કેન્દ્ર પાંચ, ભવનાથ પોલીસ સ્ટેશન, આંગણવાડી કેન્દ્ર – ૩ દોલતપરા સ્વામિનારાયણ સોસાયટી જૂનાગઢ, આંગણવાડી કેન્દ્ર ૪ અર્બન હેલ્થ સેન્ટર જૂનાગઢ, અર્બન હેલ્થ સેન્ટર દોલતપરા, ગ્રામ ઉદ્યોગ પ્રાથમિક શાળા મધ્યાન ભોજન સેન્ટર ૬, સિવિલ હોસ્પિટલ, જેલ, સખીવન સ્ટોપ સેન્ટર, શ્રી આદર્શ નિવાસી શાળા (વિ.જા) છાત્રાલય, જોષીપરા, સાંપ્રત સંસ્થા વિજાપુર, આદર્શ નિવાસી શાળા (કન્યા) જૂનાગઢ બિલખા રોડ, શિશુ મંગલ ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ એન્ડ ગર્લ્સ, શિશુમંગલ વિશિષ્ટ દતક સંસ્થા, જૂનાગઢ ની મુલાકાત પણ લીધી હતી.

મુલાકાત બાદ કલેકટર કચેરીના સભાખંડ ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જરે જણાવ્યુ હતું કે, આજનું બાળક દેશનું ભવિષ્ય છે ત્યારે દરેક બાળકને સુરક્ષા, સ્વાસ્થ્ય અને શિક્ષણમાં અવ્વલ થાય તે દિશામાં કામગીરી આપણે ટીમવર્ક થી કરવી જરૂરી છે. અધ્યક્ષ શ્રી એ વિવિધ વિભાગના અધિકારીઓને બાળકોના હિત અને અધિકારો ન છીનવાય તે દિશામાં વધુને વધુ શ્રેષ્ઠ કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.સાથે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રની ટીમવર્ક થી થતી કામગીરીને પણ બીરદાવી હતી.

આ બેઠકમાં શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થયને લગતી કામગીરી, રસીકરણની કામગીરી, આઈસીડીએસ કાર્યક્રમની સમીક્ષા, પૂરક પોષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ યોજના, આઈસીડીએસ શાખા મહાનગરપાલિકા, બાળકોને લગતા નોંધાયેલા ગુન્હાઓની માહિતી, જિલ્લામાં આવેલ ચાઈલ્ડ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન ની વિગત, વિદ્યાદીપ યોજના, વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના , આરટીઆઈ હેઠળ ધોરણ એક માં પ્રવેશ, સ્કૂલ ઓફ એક્સલન્સ, નીપુણ ભારત, પીએમ શ્રી શાળાઓ, જિલ્લાની પ્રાથમિક શાળાઓની ભૌતિક સુવિધાઓ, દિવ્યાંગ બાળકોનું સંકલિત શિક્ષણ, દિવ્યાંગ બાળકોને સરકાર દ્વારા મળતા વિવિધ સહાય, મુખ્યમંત્રી પૌષ્ટિકલ્પહાર યોજના, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જિલ્લા બાળ અધિકારીની કચેરી દ્વારા કાર્યરત યોજનાઓની સમીક્ષા, જિલ્લા બાળ સુરક્ષા એકમ, તેમજ બાળ લગ્ન અટકાવવા થયેલ કામગીરી સહિતની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એન.એફ.ચૌધરી, સીડીએચઓ ડો.અલ્પેશ સાલ્વી, મહિલા અને બાળ અધિકારી સોજીત્રા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી મહિડા, જિલ્લા શિક્ષણ અધિકારી સહિતના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# ડો.સુભાષ યુનિવર્સિટી અને આર્ય કન્યાગુરૂકુલ આર્ટસ અને કોમર્સ મહિલા કોલેજ પોરબંદર વચ્ચે એમ.ઓ.યૂ. ઉપર હસ્તાક્ષર

## શિક્ષણ અને સંસ્કૃતિના ક્ષેત્રમાં નવા આયામની શરૂઆત

જૂનાગઢ, તા.૧૮

ડો.સુભાષ યુનિવર્સિટી અને આર્ય કન્યાગુરુકુલ આર્ટસ અને કોમર્સ મહિલા કોલેજ, વચ્ચે એક મહત્વપૂર્ણ એમ.ઓ.યૂ. પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરાર દ્વારા બંને સંસ્થાઓએ પોતાના જ્ઞાન અને નિષ્ણાંતોના આદાનપ્રદાન કરવા માટે એક મંચ તૈયાર કર્યો છે, જે વિદ્યાર્થીઓ માટે અનેક નવી શૈક્ષણિક અને સાંસ્કૃતિક તકો પુરી પાડશે.

આ બાબતે ડો.સુભાષ યુનિવર્સિટી ના પ્રો વોસ્ટ ડૉ. દિપક પટેલે જાહેર કર્યું કે આ એમ.ઓ.યૂ. દ્વારા બંને સંસ્થાઓ એકબીજાની કુશળતાઓ અને જ્ઞાનનો વિનિમય કરશે. તેમણે આ તકનો ઉપયોગ કરીને બંને સંસ્થાઓને શ્રેષ્ઠ ઈચ્છાઓ વ્યક્ત કરી અને આ સંલગ્નતાને શિક્ષણ અને સંસ્કૃતિ માટે એક મજબૂત પાયો ગણાવ્યો.

ડો.સુભાષ યુનિવર્સિટી, સ્કૂલ ઓફ આર્ટસ એન્ડ હ્યુમેનિટીસના ડીન, ડો.સ્વેતા ગોહેલ મેડમ જેમણે આ કરાર ઉપર હસ્તાક્ષર કર્યા, તેમણે જણાવ્યું કે આ સમજૂતી માત્ર શિક્ષણ ક્ષેત્રે નહીં પરંતુ સાંસ્કૃતિક મંચ ઉપર પણ નવી ઊંચાઈઓને પ્રગટાવશે.



આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં, આર્ય કન્યાગુરૂકુલના ડો.કેતકી પંડ્યા મેમ અને ડો.નયન ટાંકાની આગેવાની હેઠળ ૪૦ આર્ટસ વિભાગના વિદ્યાર્થીઓએ ડૉ. સુભાષ યુનિવર્સિટીમાં એક વિશિષ્ટ કાર્યક્રમ રજૂ કર્યો. વિદ્યાર્થીઓએ વિશ્વવિખ્યાત નાટ્યકાર વિલિયમ શેક્સપીયરનાં પ્રખ્યાત નાટકોમાંથી ઘણા પાત્રોનું અભિનય કર્યું, જેમાં હેમલેટ, મકબેથ અને ઓથેલો જેવા પાત્રોનો સમાવેશ હતો.

ઉલ્લેખનીય છે કે, ડૉ. સુભાષ યુનિવર્સિટીના ત્રીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં યોગદાન આપતાં એક સુંદર કાવ્ય પણ સ્વરભરી રીતે ઉઠાવ્યું અને તેનું અર્થવિશ્લેષણ પણ રજૂ કર્યું. આ પ્રસંગ પર, વિદ્યાર્થીઓએ શેક્સપીયરની શાયરી અને કાવ્યને વધુ ગહનતાથી સમજાવવાનો પ્રયાસ કર્યો.

આ કાર્યક્રમ દ્વારા માત્ર શૈક્ષણિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં જ નહિ, પરંતુ બન્ને સંસ્થાઓ વચ્ચે સંલગ્નતા અને પરસ્પર સમજણને વધુ મજબૂતી આપવામાં આવી. આ વિશેષ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડા, યુનિવર્સિટીના પ્રમુખ રાજભાઈ ચાવડા તેમજ પ્રોવોસ્ટ ડૉ. દીપક પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

# જૂનાગઢ જીલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી મેંદરડા ખાતે યોજાશે

## જીલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને તા. ૨૬ જાન્યુઆરીની ઉજવણીના પૂર્વ આયોજનની બેઠક યોજાઈ

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી સ્વામી નારાયણ મંદિર સામેના ગ્રાઉન્ડ, નાજાપુર રોડ, મેંદરડા તાલુકા ખાતે યોજાશે. જે અન્વયે કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણીની પૂર્વ તૈયારીનાં આયોજન અંતગર્ત કલેકટર કચેરી, સભાખંડ ખાતે બેઠક યોજાઈ હતી.



પ્રજાસત્તાક દિનની જિલ્લાકક્ષાની ઉજવણી મેંદરડા ખાતે થનાર છે. ત્યારે કલેકટરે ધ્વજવંદન, પરેડ, બેઠક વ્યવસ્થા, દેશભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમો, સફાઈ પાણી, સહિતની વ્યવસ્થાઓ માટે જરૂરી સૂચનાઓની સાથે માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં કલેકટરે પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતગર્ત વિવિધ સરકારી ઈમારત ઉપર રોશની કરવા, કાર્યક્રમ સ્થળે સાફ-સફાઈ, ફાયર, આરોગ્ય, પીવાનું પાણી, ટ્રાફિક વ્યવસ્થા, વીજ પુરવઠો અવિરત જળવાઈ રહે, સ્ટોલ પ્રદર્શનના આયોજન સહિત જરૂરી પ્રાથમિક સુવિધાઓ-વ્યવસ્થાઓ થઈ શકે તે માટે અધિકારીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર એન.એફ.ચૌધરી, જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશ્નર ડો.ઓમપ્રકાશ, જૂનાગઢ પ્રાંત અધિકારી ચરણસીંહ ગોહિલ સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માળીયા હાટીના અમરાપુર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સગર્ભા બહેનો માટે આરોગ્ય કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

અમરાપુર, તા.૧૮

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અમરાપુર ખાતે સરકાર તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અશોક સાલવીની સુચના તથા તાલુકા હેલ્થ ઓફિસર ડો.આભા મેડમના માર્ગદર્શન હેઠળ પ્રધાનમંત્રી માતૃવંદના કાર્યક્રમ અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિસ્તારની સગર્ભા સ્ત્રીઓની તપાસનો કાર્યક્રમ યોજાયો જેમાં કુલ ૩૮ સગર્ભા સ્ત્રીઓ એ હાજર રહી કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પમાં હાજર બહેનોની જરૂરી તમામ પ્રકારની લોહી પેશાબની તપાસ કરવામાં આવી ભરડા હોસ્પિટલ કેશોદના ગાયનેક ડોક્ટર મધુરીમા ભટ્ટ દ્વારા બીપી,ગર્ભસ્થ શિશુના હૃદયના ધબકારા માપવામાં



આવ્યા અને તપાસ કરવામાં આવી જે પૈકી હાઈરીસક સગર્ભા સ્ત્રીઓને આગળની સારવાર માટે સલાહ આપવામાં આવી અને તમામને લોહતત્વ અને કેલ્શિયમ વિટામિન ડીની ગોળી તથા જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેમ્પમાં હાજર બહેનોને મેઈલ સુપરવાઈઝર સુરેશભાઈ બુટાણી તથા ઈનચાર્જ ફીમેલ સુપરવાઈઝર ધરતીબેન ચુડાસમા દ્વારા સગર્ભાવસ્થા દરમ્યાન રાખવાની કાળજી પોષક આહાર તથા રોગ સામે કઈ રીતે રક્ષણ કરવું તેમજ નમો શ્રી યોજના તેમજ અતિ ગંભીર સગર્ભો ને સરકાર તરફથી મળવા પાત્ર લાભો અને સારવાર અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. હાજર સગર્ભા બહેનો પૈકી ઓછા વજન ધરાવતી ૨૦ સગર્ભા બહેનોને ખજુર ગોળ મગ ચણા ચોળી વગેરેની પોષણ કીટ વિતરણ કરવામાં આવેલ પોષણ કીટમાંથી ૧૦ કીટ નિવૃત્ત ફાર્માસિસ્ટ રમેશભાઈ ભટ્ટ તરફથી અને બાકીની૧૦ કીટ ડો.હર્ષા સાખટ અને સ્ટાફ દ્વારા આપવામાં આવેલ છે. આજના કેમ્પમાં સગર્ભો બહેનોને તેમના નિવાસસ્થાન થી કેમ્પ માં ચેકઅપ માટે લાવી અને પરત તેમના ઘરે ૧૦૮ અને ખીલખીલાટ દ્વારા તદન નિઃશુલ્ક પહોંચાડવામાં આવેલ છે. આજના આ કેમ્પને સફળ બનાવવા મેડિકલ ઓફિસર ડો.હર્ષા સાખટ અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# છાયા બજાર યુવક મંડળ દ્વારા ભકિત સંગીતનું આયોજન

જૂનાગઢ, તા.૧૮ : છાયા બજાર યુવક મંડળ જૂનાગઢ દ્વારા સર્વે સનાતની ધર્મપ્રેમી જનતાને જણાવતા આનંદ થાય છે કે, આગામી તા.૨૨/૧/૨૦૨૫ના રોજ અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મંદિરને એક વર્ષ પૂર્ણ થયેલ હોય જે પ્રસંગની યાદગીરી રૂપે ઉજવણી કરવા માટે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવેલ હોય તેમજ ભકિત સંગીતનો કાર્યક્રમ તા.૨૨/૧/૨૦૨૫ના રોજ રાત્ર ૯ કલાકે નટુભાઈ ચા વાળાની સામે ગત વર્ષે રાખેલ હોય જે સ્થળ ઉપર સુંદરકાંડ પાઠ તેમજ ભકિત સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હોય જેમાં સનાતન ધર્મપ્રેમી જનતાને ખાસ હાજરી આપવા ભાવભર્યું નિમંત્રણ પાઠવેલ છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં છાત્રોની વેસ્ટઝોન યુવા મહોત્સવમાં સહભાગિતાને પ્રોત્સાહિત કરવા કલાસાધના સન્માન કાર્યક્રમ યોજાયો


## કલાકારે સંપ્રજ્ઞતા સાથેની પાત્રતાને અહર્નિશ સંકોરવાની હોય છે, સંમાર્જિત કરવાની હોય છે : કલાસાધના થકી કશુંક શ્રેષ્ઠ સિદ્ધ કરવું આવશ્યક બની જાય છે- પ્રો.(ડૉ.) અતુલ બાપોદરા, કૂલપતિ

જૂનાગઢ, તા.૧૮

વેસ્ટઝોનઈન્ટર યુનિ. ૩૮ મો યુવા મહોત્સવ તાજેતરમાં મહેસાણા ખાતે સંપન્ન થયો. આ મહોત્સવમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં વિદ્યાર્થીઓએ લલિત કલા અને સર્જનાત્મક વિભાગમાં તત્કાળ ચિત્રકળા, રંગોળી, કાર્ટુનિંગ, કોલાજ, કલે મોડેલિંગ, પોસ્ટર મેકિંગ, તત્કાળ છબીકલા, મહેન્દી અને નાટ્ય વિભાગમા એકાંકી, લઘુ નાટક, મુક અભિનય અને મિમિક્રી તેવી જ રીતે સંગીત વિભાગમાં શાસ્ત્રીય કંઠ્ય સંગીત, શાસ્ત્રીય વાદ્ય સંગીત( સ્વરવાદ્ય અને તાલવાદ્ય), પશ્ચિમની વાદ્ય સંગીત, હળવું કંઠ્ય સંગીત, પશ્ચિમી કંઠ્ય સંગીત, સમૂહ ગીત(ભારતીય અને પશ્ચિમી) ભજન, દોહા-છંદ, લોકગીત પ્રાચીન રાસ, લોક નૃત્ય, આદિવાસી નૃત્ય અને શાસ્ત્રી નૃત્ય સહિત વિવિધ કલાની પ્રસ્તુતી કરી હતી. આ સ્પર્ધાઓમાં કુ. વેશાલી ઉદેશ દ્વારા મહેંદી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ સિધ્ધી મેળવી હતી.વેસ્ટઝોન યુવા મહોત્સવમાં સહભાગી તમામ કલાસાધક વિદ્યાર્થીઓને સન્માનવાનો એક સપ્તરંગી કાર્યક્રમ યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) અતુલભાઈ બાપોદરાની અધ્યક્ષતામાં યોજાયો હતો.

યુવા મહોત્સવમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કલાનિરૂપણ કરનાર છાત્રો સાથે વાત કરતા કુલપતિ ડો. અતુલભાઈ બાપોદરાએ જણાવ્યુ હતુ કે ‘સાધના’નો એક અર્થ થાય છે કાર્યને પૂર્ણતા અર્પવા માટેનો પરિશ્રમ અને દક્ષતા. કોઈ પણ સ્થિતિમાં શ્રેષ્ઠતા કે સિદ્ધિ પામવાની હોય ત્યારે સાધના જરૂરી બને છે. સાધના ક્ષમતાનિર્માણ માટે સહાયક છે અને અનિવાર્ય છે. કલા સંદર્ભે પણ એવું જ છે. કલાકાર થવા માટે નિસર્ગદત્ત પ્રતિભા અનિવાર્ય છે, પરંતુ અથાક અભ્યાસ, સાતત્યપૂર્ણ અભ્યાસ, અવિરત રિયાઝ, નિત્યનૂતન પ્રયોગ, વગેરેથી પ્રતિભાને પરિષ્કૃત કરવાની હોય છે.કલાકારે સંપ્રજ્ઞતા સાથેની પાત્રતાને અહર્નિશ સંકોરવાની હોય છે, સંમાર્જિત કરવાની હોય છે.સાધના થકી કશુંક શ્રેષ્ઠ સિદ્ધ કરવું આવશ્યક બની જાય છે.

આ તકે યુનિ.નાં સરકાર નિયુક્ત એકઝુકેટીવ કાઉન્સીલનાં સદસ્ય પ્રો. દિનેશ દઢાણિયાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક વાત કરતા કહ્યુ હતુ કે એવું કોઈ શાસ્ત્ર નથી, શિલ્પ નથી, વિદ્યા નથી, કલા નથી, યોગ નથી કે કર્મ નથી, જે નાટકમાં ન જોઈ શકાય. એનો અર્થ એ થયો કે નાટકમાં તમામ કલાઓ સમાવિષ્ટ થાય છે. દરેક કલા વચ્ચે આંતરિક અને વિશિષ્ટ સંબંધ છે. એક કલા શીખવા માટે બીજી બધી જ કલાઓ શીખવી રહી, કલા શબ્દ માણસની ઉદાત્ત, મહત્સિદ્ધિ છે, કાર્યક્રમનાં પ્રારંભે યુનિ.નાં કલ્ચરલ સેલનાં કો-ઓર્ડીનેટર ડો. રૂપલબેન ડાંગરે વિદ્યાર્થિઓની યુવા મહોત્સવમાં સહભાગિતાને બિરદાવી જણાવ્યું હતુ કે કોઈપણ સ્પર્ધામાં હાર-જીત મહત્વની નથી હોતી પણ સ્પર્ધામાં સહભાગી બનવુ ઘણું મહત્વનું હોય છે. યુવા મહોત્સમાં ભાગલેનાર કલાસાધક વિદ્યાર્થીઓએ ભાવો, લાગણીઓ, સંવેદનાઓ, ઊર્મિઓ, તરંગો, કલ્પનાઓ, અનુભવો, એષણાઓ, સપનાંઓ, કલ્પનાઓ, તથ્યો, દર્શન, વિચારો, અભિપ્રાયો, અનુભવ્યા અને સાર્થક કર્યા છે.



યુવા મહોત્સવમાં વિદ્યાર્થીઓની સાથે ટીમ લીડર તરીકે સેવા કરનાર ભગવાનભાઈ દેવધરીયાએ યુવાનોમાં નભમાં વિહરવાની શક્તિની સરાહના કરતા જણાવ્યુ હતુ કે જો કલાનાં મર્મી વિદ્યાર્થીઓને યોગ્ય તાલીમ અને માર્ગદર્શન મળી રહે તો કલાની સાધના કરતા વિદ્યાર્થીઓનાંમનની અમૂર્ત ભૂમિકાઓ ભાવાત્મક સૃષ્ટિને એના મહત્તમ સ્તરે રૂપબદ્ધ કરીને સવાયું સૌંદર્ય કે સત્ત્વ સ્થાપિત કરી શકવાની સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. આ તકે સાંસ્કૃતિક વિભાગનાં સહ સંયોજક ડૉ. ઓમભાઈ જોષીએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રેરણા આપી.

કાર્યક્રમનાં અંતે કલ્ચરલ સેલનાં સહ સંકલનકાર ડો. ઋષિરાજ ઉપાધ્યાએ આભારદર્શન કરતા વિદ્યાર્થીઓમાં અમૂર્ત કલાને નિરૂપવામાં સહભાગી બનનાર સૌ સહયોગીઓને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો. ડો.ઓમ જોષી, ટીમ મેનેજર ડો.ભગવાનભાઈ દેવધરિયા, ડો. અનસુયાબેન ચૌધરી, હરપાલસિંહ રાઠોડ, સહિત સહયોગીઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમનાં પ્રારંભે કાજલબેન વાઢેર, પાર્થ મહેતા, યોગેશ સોલંકી સહિત વિદ્યાર્થીઓએ પોતાનાં પ્રતિભાવો વ્યકત કર્યા હતા. અને વેસ્ટઝોનમાં રજુ થયેલ કૃતિઓનાં અંશો ફિલ્મનાં પડદે નિહાળ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# ઉપેક્ષિત બુઝુર્ગોની વહારે સુપ્રીમ

સુપ્રીમ કોર્ટનો એ ચુકાદો ભારતીય સમાજની એક મોટી મુશ્કેલીને રેખાંકિત કરી રહ્યો છે કે જો બાળકો વૃદ્ધ મા-બાપની દેખભાળ ન રાખે તો તેમના નામે હસ્તાંતરિત કરવામાં આવેલી સંપત્તિ તેમની પાસેથી પાછી લઈ શકાય છે. સુપ્રીમ કોર્ટે આ નિર્ણય એટલા માટે આપવો પડ્યો, કારણ કે એક બુઝુર્ગ મહિલાએ એ આધાર પર પુત્રના નામ કરેલ સંપત્તિ રદ્દ કરવાની માંગ કરી હતી કે તેણે સંપત્તિ હાંસલ કરી લીધા પછી તેની દેખભાળ લેવાનું બંધ કરી દીધું હતું. તેની એ માંગ પર મધ્ય પ્રદેશ હાઈકોર્ટે એ ચુકાદો આપ્યો હતો કે માતા-પિતાની દેખભાળ નહિ કરવા માટે બાળકોને આપવામાં આવેલ સંપત્તિ પાછી ન લઈ શકાય. એ સ્વાગતયોગ્ય છે કે સુપ્રીમ કોર્ટે આ ચુકાદાને પલટીને મહિલાને રાહત આપી, પરંતુ શું તેનાથી સમાજ અને વિશેષ રૂપે એ બાળકોને કોઈ યોગ્ય સંદેશ જશે, જે મા-બાપની સંપત્તિ હાંસલ કર્યા બાદ પણ તેમની દેખભાળ નથી કરતા અથવા તો તેમને પોતાના હાલ પર છોડી દે છે? એ જોવું દયનીય છે છે એવા કેસો એ અધિનિયમ છતાં આવી રહ્યા છે, જે બાળકો પર મા-બાપના ભરણ-પોષણ અને કલ્યાણની જવાબદારી નાખે છે. આ અધિનિયમના અસ્તિત્વમાં થયા બાદ પણ એવા કિસ્સા સામે આવતા જ રહે છે, જેમાં બાળકો બુઝુર્ગ મા-બાપની ઉપેક્ષા કરતા હોય છે. એવા કેટલાય કેસો અદાલતો સુધી પણ પહોંચે છે. સ્પષ્ટ છે કે સક્ષમ કાયદા બાદ પણ બુઝુર્ગોની ઉપેક્ષાનો સિલસિલો યથાવત છે. એવું માત્ર સંયુક્ત પરિવારોના વિઘટન અને તેના પરિણામે બની રહેલ એકલ પરિવારોને કારણે જ નથી થઈ રહ્યું, બલ્કે પારિવારિક મૂલ્યોની અવગણના અને સંસ્કારહીનતાને કારણે પણ થઈ રહ્યું છે.

જોકે બુઝુર્ગોની દેખભાળની જે જવાબદારી પરિવારના સદસ્યો અને વિશેષ રૂપે તેમનાં બાળકોએ ઉઠાવવી જોઈએ, તે નથી ઉઠાવવામાં આવતી, તેથી એવા બુઝુર્ગો વધી રહ્યા છે, જેમનાં બાળકો તેમની પરવા નથી કરતા. આ કારણે તેઓ ઉપેક્ષાનો માર સહન કરતાં એકાકી જીવન જીવે છે અને કેટલાંય કષ્ટ ભોગવે છે. તેને કારણે જ પશ્ચિમી દેશોની જેમ આપણા દેશમાં પણ વૃદ્ધાશ્રમો વધી રહ્યા છે, પરંતુ એ સમજવું જોઈએ કે તમામ બુઝુર્ગ આર્થિક રૂપે એટલા સક્ષમ નથી હોતા કે વૃદ્ધાશ્રમમાં રહી શકે. એ કોઈથી છૂપું નથી કે બાળકોની ઉપેક્ષાથી ત્રસ્ત અને આર્થિક રૂપે અક્ષમ બુઝુર્ગો ઠેરઠેર ઠોકરો ખાવા માટે મજબૂર હોય છે. હાલમાં એકલ પરિવારોનું ચલણ વધી રહ્યું છે તેથી વૃદ્ધાશ્રમોની જરૂરિયાત વધી રહી છે. સરકારોએ આ જરૂરિયાતની પૂર્તિ માટે સજાગ થવું પડશે, પરંતુ સમાજે પણ પોતાની જવાબદારી નિભાવવી પડશે. તેમાં સફળતા ત્યારે જ મળશે, જ્યારે શિક્ષણ અને સંસ્કારો દ્વારા ભાવિ પેઢીને એ સંદેશ આપવામાં આવે કે બુઝુર્ગ મા-બાપની દેખભાળ તેની નૈતિક જવાબદારી છે.

# ઉના ગાયત્રી વિદ્યાલયના મેદાનમાં સિંહ આવી ચડતા ભયનો માહોલ







## વન વિભાગના કર્મચારીઓએ સિંહને બહાર કાઢી લોકોને ભય મુક્ત કર્યા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા. ૧૮

ઉના શહેરમાં સોસાયટી વિસ્તારમાં આવેલ ગાયત્રી વિદ્યાલયના મેદાનમાં સિંહ આવી ચડી વાછરડીનો શિકાર કરતા શાળામાં ભયનો માહોલ છવાયો છે.

વન વિભાગના કર્મચારીઓ આવી સિંહને બહાર કાઢી લોકોને ભય મુક્ત કરાયા કરવામાં આવ્યા હતા.

ઉના શહેરમાં વહેલી સવારે એક પુખ્ત વયનો સિહ પંચવટી સોસાયટી પાસે ભૂતડા દાદાના મંદિર પાસે ઉભેલી ગાયોના સમૂહ ઉપર શિકાર કરવા દોટ મુકતા એક વાછરડી હરસિધ્ધિ નગરમાં આવેલ ગાયત્રી વિદ્યાલયના ખુલ્લા દરવાજામાં ઘુસી ગઈ હતી અને સિહ તેમની પાછળ આવી વાછરડી ઉપર હુમલો કરી શિકાર કરેલ અને મોત નિપજાવી અને શાળાના મેદાનમાં આટા મારેલ શાળાના બિલ્ડિંગના દાદરા ઉપર ચડી ગયેલ હતો જેના દ્રશ્યો શાળામાં લગાવેલ સી.સી. ટી.વી. કેમેરામાં જોતા આ સમય શાળાની ઓફીસના કાર્યાલયમાં રહેલ શાળાના શિક્ષક કિરણભાઈ, ટ્રસ્ટી દિનેશભાઈ અને સ્ટાફ જોઈ જતા ગીર પૂર્વ વન વિભાગના ઉનામાં આવેલ કચેરીને જાણ કરી હતી. સદનસીબે વહેલી સવારનો સમય હોય શાળામાં હજુ બાળકો આવેલના હોય વિદ્યાર્થીઓને શાળાના ગેટ બહાર રહેવા સૂચના આપેલ હતી. વન વિભાગના કર્મચારીઓ આવીને જોતા. સિહ શાળાના બિલ્ડિંગના પાછલા દરવાજેથી નદી કાઠે બાવળની વાડમાં જતો રહ્યો હતો. વન વિભાગના કર્મચારીઓએ મારણ કરેલ ગાયની વાછરડીનું પંચ નામુ કરી મૃત દેહને લઈ ગયા હતા. આ વિસ્તાર ગાયત્રી સોસાયટી, પંચવટી નગર, આશિર્વાદ સોસાયટી અને હરસિધ્ધિ નગર વિસ્તારમાં દીપડા તો અવાર નવાર આવી પશુ અને પ્રાણીનો શિકાર કરી જાય છે પરંતુ સિંહ પ્રથમ વાર આવી ચડતા તેમાંય શાળાના બિલ્ડિંગમાં આવી ચડતા આ વિસ્તારમાં રહેતા લોકોમાં ભય ફેલાઈ ગયો છે.

## ઉનાની મહિલા તબીબ અને તેમના પતિની અંગત પળોનો વિડિયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા પડાવવાના ગુનામાં વધુ ત્રણ આરોપીઓ ઝડપાયા



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૮

ઉના શહેરમાં એક મહિલા તબીબ અને તેમના પતિનો અંગત પળોનો એક વિડિયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા પડાવવાનો ગુનો મહિલા તબીબએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ હતો જેની તપાસ ઉના પોલીસ કરી રહી છે જેમાં ગત તા.૮/૧/૨૦૨૫ ના રોજ ગીર સોમનાથ જિલ્લાની ક્રાઈમ બ્રાન્ચે જૂનાગઢમાંથી જૂનાગઢ નાયુ ટ્યુબ ચેનલના પત્રકાર મનીષભાઈ અરસીભાઈ ડાકી (ઉ.વ.૩૪, રે. સરદાર પરા જલધારા એપાર્ટમેન્ટ જોષીપરા જૂનાગઢ)ને પકડી ઉના પોલીસને સોપેલ હતો જેની ચાર દિવસની રિમાન્ડ ઉના પોલીસે મેળવી માહિતી મેળવી હતી અને ગીર સોમનાથ જિલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા અને ઉના પ્રાંતના નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ. ચોધરીની કડક સૂચના અને માર્ગદર્શન હેઠળ ઉનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન. રાણા અને ઉના પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફે આ ગુનામાં સંડોવાયેલ અને વિડિયો ઉતારવામાં મદદ કરનાર આરોપી ૧, મહમદ હુશેન ઉર્ફે મમલી રફીકભાઈ સોરઠીયા ઊં.વ.૨૯ રે નાલીયા માંડવીની પૂછ પરછ કરતા તેમણે પોલીસને જણાવેલ કે તે અને તેમના મિત્ર ૨. અલ્તમસ રફીકભાઈ કુરેશી ઉ.વ.૨૦ રે. ઉપલા રહીમ નગર રે. ઉના અને ૩. સાહિલ મન્સુરભાઈ મન્સૂરી ઊં.વ.૨૦ રે. ભોંય વાડા મચ્છયારા ચોક રે. ઉનાએ મળી આ મહિલા તબીબ દંપતીનો અંગત પળોનો વીડિયો ખાનગીમાં ઉતારી આ વીડિયો મણીરાજ ચાદોરાને આપેલ અને મણીરાજ ચાદોરાએ આ વીડિયો મહિલા તબીબ દંપતીને બતાવી બ્લેક મેલ કરી રૂપિયા પડાવવા વિડિયો વાયરલ કરવા ધમકી આપી હતી. પોલીસે આ ત્રણ આરોપીને પકડી પાડી વધુ તપાસ કરી રહી છે. અત્રે એ ઉલેખ નીય છે. આ ગુનાનો આરોપી મણીરાજ ચાદોરા હજુ પોલીસ પકડ થી દુર છે. નાસ્તો ફરતો ફરે છે આમ પોલીસે આ ગુનાના કુલ ચાર આરોપીને પકડી પાડયા છે.

## ગીરગઢડા એસજીવીપી ગુરૂ દ્વારા ૨૦ કરોડના ખર્ચે કન્યા છાત્રાલયનું થશે નિર્માણ

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ હસ્તે ૫૦૦ નિઃશુલ્ક સુવિધા યુકત કન્યા છાત્રાલયનું ખાતમુર્હુત કરવામાં આવ્યું



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૮

દ્રોણેશ્વરમાં એસ.જી.વી.પી. ગુરૂકુળ દ્વારા ૨૦ કરોડ રૂપિયાના ખર્ચે ૫૦૦ કન્યાઓને નિઃશુલ્ક સુવિધા યુકત કન્યા છાત્રાલયનું ખાત મુહૂર્ત મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ગુરૂકુળમાં કન્યાઓને ભણતર સાથે ચારિત્રનું ઘડતર થાય છે.

ગીરગઢડા તાલુકાના દ્રોણેશ્વર મુકામે એસજીવીપી દ્રોણેશ્વર દ્વારા આયોજીત નૂતન કન્યા છાત્રાલય શિલાન્યાસના સમારોહ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે પરમ પૂજ્ય ગુરૂવર્ય માધવપ્રિયદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદગુરૂ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી, ૧૩-જુનાગઢ લોકસભાના સાંસદસભ્ય રાજેશભાઈ ચુડાસમા, ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ તેમજ આગેવાનો અને લોકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મુંબઈથી ભુજ આવતી ફલાઈટ રદ્દ કરાતા મુસાફરો હેરાન

ભુજ ,તા.૧૮

મુંબઈથી ભુજ આવતી ફલાઈટ રદ્દ થતા પ્રવાસીઓએ મુંબઈ એરપોર્ટ પર હોબાળો મચાવ્યો છે. એલાયન્સ એરની ફ્લાઈટ કેન્સલ થતાં પ્રવાસીઓ અટવાયા છે. મુંબઈ એરપોર્ટ પર ફ્લાઈટમાં ૨ કલાકથી મુસાફરો બેઠા હતા અને અંતે ટેક્નિકલ કારણોસર ફલાઈટ કેન્સલ કરવામાં આવતા મુંબઈ એરપોર્ટ પર પ્રવાસીઓએ હોબાળો મચાવ્યો હતો.ટેક્નિકલ કારણોસર ફલાઈટ રદ્દ થતા મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા, તેમજ મુસાફરો માટે વૈકલ્પિક ફ્લાઈટ માટેની પણ કોઈ વ્યવસ્થા ન હોવાથી પ્રવાસીઓની મુશ્કેલીમાં વધારો થયો હતો. અવાર નવાર મુંબઈથી ભુજ આવતી ફ્લાઈટ રદ્દ થતી હોય છે અને મુસાફરોને પરેશાની થતી હોય છે. ભુજ એરપોર્ટ ઓથોરિટીના ચીફ સિક્યોરિટી ઓફિસર રવિ કુમારે જણાવ્યું હતું કે,આ અઠવાડિયામાં ચોથી વખત મુંબઈથી ભુજ આવતી એલાયન્સ એરની ફ્લાઈટ ટેક્નિકલ કારણોસર રદ્દ કરવામાં આવી છે.

## સૈફ અલી ખાનની મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે

# સૈફ અલી ખાન પર થયેલા હુમલામાં કોઈ અંડરવર્લ્ડ ગેંગનો હાથ નહીં: મહારાષ્ટ્રના મંત્રી

### તેમને બે-ત્રણ દિવસમાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી શકે છે



મુંબઈ,તા.૧૮

હુમલામાં ઘાયલ થયેલા એક્ટર સૈફ અલી ખાનની મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ડૉક્ટરોએ શુક્રવારે કહ્યું કે, 'તેમની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે, તેમને બે-ત્રણ દિવસમાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી શકે છે.' ત્યારે હવે ઘટના અંગે પોલીસ અને રાજયના ગૃહ રાજય મંત્રીનું નિવેદન સામે આવ્યું છે.

પોલીસે જણાવ્યું કે, હુમલાની ઘટનામાં એક શંકાસ્પદની અટકાયત કરવામાં આવી છે, જ્યારે મહારાષ્ટ્રના ગૃહ રાજ્ય મંત્રી યોગેશ કદમે કહ્યું કે, 'આ ઘટના પાછળ કોઈ અંડરવર્લ્ડ ગેંગનો હાથ નથી.'

સૈફ પર બુધવાર મોડી રાત્રે તેમના બાંદ્રા સ્થિત ઘર પર એક હુમલાખોરે ધારદાર હથિયારથી હુમલો કર્યો હતો. જેમાં એક્ટરના ગળા સહિત છ જગ્યાઓ પર ઈજા પહોંચી. લીલાવતી હોસ્પિટલમાં તેમની સર્જરી કરવામાં આવી.

લીલાવતી હોસ્પિટલના ન્યૂરોસર્જન ડૉ. નિતિન ડાંગેએ કહ્યું કે, 'અમે તેમની દેખરેખ કરી રહ્યા છીએ અને આશા અનુસાર તેમની તબિયતમાં સારો સુધારો થઈ રહ્યો છે. તેમને આરામ કરવાની સલાહ આપવામાં આવી છે અને તેઓ સારું અનુભવશે તો અમે તેમને બેથી ત્રણ દિવસમાં રજા આપી દઈશું. ડૉક્ટરોની એક ટીમે તેમની તપાસ કરીને તેમને ચલાવીને જોયું.'

બુધવારે સૈફ અલી ખાનની સર્જરી કરનારી ટીમના મુખ્ય ડૉક્ટર ડાંગે કહ્યું કે,હવે સૈફને IC Uથી બહાર લવાયા છે. અમે તેમને એક સ્પેશિયલ રૂમમાં લાવ્યા છીએ.'તેમણે કહ્યું કે, 'ખાનને ત્રણ ઈજા થઈ. બે હાથ પર અને એક ગાલ પર ડાબી સાઈડ. એક મોટી ઈજા પીઠ પર આવી, જેને આપણે થોરેસિક સ્પાઈન કહે છે. શરીરમાં ધારદાર વસ્તુ ઘુસી ગઈ હતી. જો કે તેનાથી તંતુને નુકસાન નથી થયું.'

# DRI એ ૨ કરોડ રૂપિયાની ૩૫ ટન સોપારી જપ્ત કરી

મુંદ્રા,તા.૧૮

ગુજરાતના વિવિધ બંદરેથી સોપારીની જુદી જુદી રીતે દાણચોરી અટકવાનું નામ લેતી નથી. ગુજરાતમાં કચ્છમાં મુંદ્રા બંદરે અવારનવાર સોપારીનો મોટા માત્રામાં જથ્થો મળી આવ્યો છે. જેની બજારમાં કિંમત વધુ હોવાથી દાણચોરો સોપારીની દાણચોરી કરી દુબઈથી મુંદ્રા બંદરે લાવ્યા હોવાના ખુલાસા થયા છે. સોપારી મુંદ્રાથી દિલ્હીના તુઘલકાબાદ ખાતે પહોંચાડ્યા પહેલા જામનગર ડીઆરઆઈ દાણચોરો પર ત્રાટકી હતી. DRI એ વધુ એક વખત ૨ કરોડ રૂપિયાની ૩૫ ટન સોપારી જપ્ત કરી છે.દુબઈથી મુંદ્રા બંદર પર પહોંચેલા ત્રણ કન્ટેનર કસ્ટમ વિભાગની જાણ વગર દિલ્હી સ્થિત એક કંપનીને મોકલવામાં આવ્યા હતા. જામનગર DRI ટીમને દાણચોરીના માહિતી મળી હતી અને તેમણે તુઘલકાબાદ નજીક આ કન્ટેનરોને ચેકિંગ માટે રોક્યા હતા. તપાસ દરમિયાન, કન્ટેનરમાંથી પ્રતિબંધિત સોપારીનો જથ્થો મળી આવ્યો હતો.આ મામલે, માલનો ઓર્ડર આપનાર દિલ્હીની પેઢીની પૂછપરછ કરવામાં આવશે. અગાઉ મુંદ્રા બંદર ખાતે કસ્ટમ્સ સ્પેશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ઈન્વેસ્ટિગેશન બ્રાન્ચએ રૂપિયા ૩ કરોડની કિંમતની ૫૩ ટન સોપારી જપ્ત કરી હતી. ડીઆરઆઈ ટીમે બે કન્ટેનરને અટકાવી તપાસ કરી હતી. કસ્ટમ અધિકારીઓને બાતમી મળી હતી કે પ્લાસ્ટિકના દાણાના બહાને દુબઈથી મુંદ્રા પોર્ટમાં સોપારીની દાણચોરી કરવામાં આવી રહી છે.જેમાં મુંદ્રા ખાતે કસ્ટમ્સના પ્રિન્સિપલ કમિશનર કે એન્જિનિયરે તપાસની આગેવાની કરી અને કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં એક યુનિટ માટે બંધાયેલા બે કન્ટેનર જપ્ત કર્યા હતા.

## અંબાજીમાં શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમાનો થશે ભવ્ય પ્રારંભ

અંબાજી,તા.૧૮

અંબાજી શક્તિપીઠ અંબાજી ખાતે ૯ થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ'માં ભાગ લેવા માટે લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા આયોજિત આ મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.આ ત્રિદિવસીય મહોત્સવમાં મસાલ યાત્રા, ત્રિશૂળ યાત્રા, જ્યોતિ યાત્રા, શક્તિ યજ્ઞા, ભજન સત્સંગ, આનંદ ગરબા અને મહાઆરતી જેવા કાર્યક્રમો યોજાશે. પરિક્રમા માર્ગ પર વિવિધ મંડળો દ્વારા ભજન સત્સંગ કરવામાં આવશે. ગરબા અખંડ ધૂનની સાથે ગબ્બર ટોચ ખાતે રાત્રી ૧૨ કલાકે મહા આરતીની સાથે વિવિધ કાર્યક્રમો કરાશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

વિનાશકાળ આવે એટલે સૌ પ્રથમ બુધ્ધિનો વિનાશ થાય છે.

- ચાણક્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.શહેરેવર-૧૩૯૪, મુ. રજ્જબ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, પોષ વદ-૫ પાંચમની વૃધ્ધિ છે તા.૧૮ જાન્યુઆરી ૨૦૨૫, શનિવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૧૭, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, શોભન યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૩૬, સૂ.અ.૬:૨૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), રાત્રે ૯:૨૭ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નોકરીયાત વર્ગ માટે ઉત્તમ દિવસ. અણધાર્યો લાભ મળે.
વૃષભ:નવિન ઓળખાણથી લાભ. જૂના મતભેદો નિવારી શકશો.
મિથુન:આર્થિક લાભ મેળવી શકશો. વ્યર્થ કાર્યબોજ રહે.
કર્ક: સ્નેહિઓ સાથે મનદુઃખ રહે. સ્વમાન ઘવાય તેવો પ્રસંગ બને.
સિંહ: માનસિક ઉશ્કેરાટ રહે. આરોગ્ય બાબતે જાળવવું.
કન્યા: નવિન આયોજનો સફળતાથી પાર પડે. પડવા-વાગવાથી સંભાળવું.
તુલા: મિત્ર વર્ગથી લાભ મળે. સંતાનના આરોગ્ય બાબતે સાવધાની રાખવી.
વૃશ્ચિક:પ્રિયજનથી મિલન થાય. વ્યાપાર-વાણિજ્યમાં પ્રગતિકારક દિવસ.
ધન: કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ. વડીલોની મદદથી મહત્વનું કાર્ય પૂર્ણ થાય.
મકર: નવિન સમાચાર મળે. મનની મુરાદ પૂરી થાય.
કુંભ: ગૃહવિવાદ, માનસિક અશાંતિ અને વ્યર્થ ચિંતા રહે.
મીન: પારિવારીક સમસ્યામાં મદદરૂપ બનવું પડે. આર્થિક સમસ્યા હળવી બને.

# રાજ્યની નવી રચાયેલ ૯ મહાપાલિકામાં હાલની મહાપાલિકાઓ મેન્ટર તરીકે કાર્ય કરશે

## અમદાવાદ, સુરત સહિતની હાલની છ મહાપાલિકા એક વર્ષ સુધી નવી મહાપાલિકા સંભાળશે

ગાંધીનગર, તા.૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, રાજયના ઈતિહાસમાં નવ નગરપાલિકાને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાનો નિર્ણય આયોજનબદ્ધ શહેરી વિકાસની ગતિ માટેની રાજય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. મુખ્યમંત્રીએ રાજયમાં તાજેતરમાં રચાયેલી ૯ મહાપાલિકાના કમિશનરો, વહીવટદારો તેમજ અન્ય અધિકારીઓની ગાંધીનગરમાં યોજાયેલી એક દિવસીય કાર્યશાળામાં અધ્યક્ષીય સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, લોકોમાં હવે વિકાસ માટેની જાગૃતિ આવી છે. એટલું જ નહિં, તેમને આજના બદલાતા યુગમાં પબ્લિક ડિલિવરી અને સર્વિસીસ પણ અસરકારક રીતે જોઈએ છે. સંદર્ભમાં રાજય સરકારે આયોજનબદ્ધ શહેરી વિકાસને વેગ આપવા નવી ૯ મહાનગરપાલિકાઓની રચના કરી છે. આ મહાપાલિકાઓનું નગરપાલિકામાંથી રૂપાંતરણ થયું છે એટલે આ ટ્રાન્ઝિશનલ સમયગાળા દરમ્યાન નાગરિકોને મળતી તમામ સેવા-સુવિધાઓ યથાવત મળતી રહે તે સુનિશ્ચિત કરવાની તેમણે ખાસ હિમાયત કરી હતી. મુખ્યમંત્રીએ આ હેતુસર નવી રચાયેલી મહાપાલિકાઓની વહીવટી ક્ષમતા વૃદ્ધિ તેમજ રોજબરોજની વહીવટી કામગીરીમાં યોગ્ય માર્ગદર્શન અને મેનપાવર ટ્રેનિંગ માટે હાલની પાંચ મોટી મહાપાલિકાઓને ૧ વર્ષ સુધી નવી મહાપાલિકાઓના મેન્ટર તરીકે કાર્યરત કરવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર, અમદાવાદ મહાપાલિકા નવરચિત નડિયાદ અને સુરેન્દ્રનગર મહાપાલિકા માટે, વડોદરા મહાપાલિકા આણંદ મહાપાલિકા માટે, સુરત મહાપાલિકા વાપી અને નવસારી માટે તથા રાજકોટ મહાપાલિકા મોરબી અને ગાંધીધામ માટે તેમજ જામનગર મહાપાલિકા પોરબંદર માટે અને ગાંધીનગર મહાપાલિકા મહેસાણા માટે મેન્ટર તરીકે કાર્યરત રહેશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, મહાપાલિકાની રચના થયા બાદ નાગરિકોને સ્પષ્ટ દેખાઈ આવે તેવો બદલાવ રોડ-રસ્તા, પાણી, ડ્રેનેજ, લાઈટ તથા બાગ-બગીચા જેવા સુવિધાકારી કામોથી હાથ ધરવાનું દાયિત્વ નવનિયુક્ત કમિશનરોએ નિભાવવાનું છે. તેમણે જણાવ્યું કે નવી મહાપાલિકાઓ પોતાના નગરોના વિકાસનો રોડ મેપ તૈયાર કરે. એટલું જ નહિં, વિકાસ કામો માટે નાણાંની જરૂરિયાત અંગે પણ રાજ્ય સરકારમાં રજૂઆત કરે. મુખ્યમંત્રીએ નવી રચાયેલી પ્રત્યેક મહાપાલિકાઓને વહીવટી ક્ષમતા વૃદ્ધિ, ઓફિસ સ્ટ્રેન્થનીંગ તથા અન્ય સુવિધાઓ માટે રૂ.૧૦ કરોડ અને શહેરી સફાઈ સહિતના સિટી બ્યુટીફિકેશન કામો માટે રૂા.૧૦ કરોડ મળીને કુલ ૨૦ કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી પણ આ તકે આપી હતી. તેમણે કહ્યું કે, આ મહાપાલિકાઓમાં વિકાસ કામોની સ્પર્ધા થાય. એટલું જ નહિં, શહેરી જન સુખાકારી કામો માટે નાગરિકોની અપેક્ષા સંતોષાય તેવું વાણી-વર્તન-વ્યવહાર પણ નવી ટીમ પાસે અપેક્ષિત છે.

### આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળના MDનું મંતવ્ય

# ૨૦૨૫માં ભારતીય અર્થતંત્ર 'અમુક અંશે નબળું' રહેવાની શક્યતા છે



મુંબઈ તા.૧૮

IMFના મેનેજિંગ ડિરેક્ટર ક્રિસ્ટાલિના જ્યોર્જિવાએ કહ્યું છે કે સ્થિર વૈશ્વિક વૃદ્ધિ છતાં ભારતીય અર્થતંત્ર ૨૦૨૫માં થોડું નબળું રહેવાની અપેક્ષા છે. તાજેતરમાં પત્રકારોના જૂથ સાથેના તેમના વાર્ષિક મીડિયા રાઉન્ડ ટેબલમાં તેમણે કહ્યું કે ૨૦૨૫માં વૈશ્વિક વૃદ્ધિ સ્થિર રહેવાની અપેક્ષા છે. જ્યોર્જિવાએ એમ પણ કહ્યું કે તેમને આ વર્ષે મુખ્યત્વે યુએસની વેપાર નીતિને કારણે વિશ્વમાં ઘણી અનિશ્ચિતતા રહેવાની અપેક્ષા છે. પરંતુ તેમાં પ્રાદેશિક ભિન્નતા હશે. જ્યોર્જિવાએ કહ્યું કે તેમને ૨૦૨૫માં ભારતીય અર્થતંત્ર થોડું નબળું રહેવાની અપેક્ષા છે. જો કે, તેમણે આ અંગે વધુ કોઈ સ્પષ્ટતા કરી નથી. વર્લ્ડ ઈકોનોમી આઉટલુક આગામી અઠવાડિયામાં તેના વિશે વધુ વિગતો આપશે. તેમણે કહ્યું કે, યુએસ અમારી અપેક્ષા કરતાં ઘણું સારૂ કરી રહ્યું છે, EU કંઈક અંશે સ્થિર થઈ રહ્યું છે અને ભારત થોડું નબળું છે. બ્રાઝિલ થોડો વધારે ફુગાવાનો સામનો કરી રહ્યું છે. તેણીએ કહ્યું કે, વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ચીનમાં, આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) ડિફ્લેશનરી દબાણ અને સ્થાનિક માંગ સાથે ચાલુ પડકારો જોઈ રહ્યું છે. ઓછી આવક ધરાવતા દેશોના તમામ પ્રયાસો છતાં એવી સ્થિતિમાં છે જ્યાં કોઈપણ નવો આંચકો તેમને ખૂબ નકારાત્મક રીતે અસર કરી શકે છે. જ્યોર્જિવાએ કહ્યું કે, આપણે ૨૦૨૫માં ઘણી બધી અનિશ્ચિતતાની અપેક્ષા રાખીએ છીએ, ખાસ કરીને આર્થિક નીતિઓના સંદર્ભમાં એ આશ્ચર્યજનક નથી કે, યુએસ અર્થતંત્રના કદ અને ભૂમિકાને ધ્યાનમાં રાખીને, આવનારા વહીવટની નીતિ દિશાઓમાં ખાસ કરીને ટેરિફ, કર, નિયમન નિયંત્રણ અને સરકારી કાર્યક્ષમતા ઉપર વૈશ્વિક સ્તરે ઊંડો રસ લેવામાં આવે છે. આ અનિશ્ચિતતા ખાસ કરીને વેપાર નીતિના આગળ વધવાના માર્ગમાં છે, જે વૈશ્વિક અર્થતંત્ર સામેના અવરોધોમાં વધારો કરે છે, ખાસ કરીને એવા દેશો અને પ્રદેશો માટે જે વૈશ્વિક પુરવઠા શૃંખલાઓ, મધ્યમ કદના અર્થતંત્રો, અને એશિયામાં વધુ સંકલિત છે. આઈએમએફના મેનેજિંગ ડિરેક્ટરે જણાવ્યું હતું કે ટૂંકા ગાળાના વ્યાજ દરોમાં ઘટાડો થયો હોવા છતાં આ અનિશ્ચિતતા વાસ્તવમાં વૈશ્વિક સ્તરે લાંબા ગાળાના વ્યાજ દરોને લીધે છે. ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરીએ વ્હાઈટ હાઉસ ખાતે જો બાઈડેનના સ્થાને યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે. ૭૮ વર્ષીય ટ્રમ્પે ચીન, કેનેડા અને મેક્સિકો જેવા દેશો ઉપર વધારાના ટેરિફ લાદવાની યોજના જાહેર કરી છે. તેમણે જાહેરમાં ટેરિફનો ઉપયોગ મુખ્ય નીતિ સાધન તરીકે જાહેર કર્યો છે. જ્યોર્જિવાએ કહ્યું કે, આપણે બધા જાણીએ છીએ, ફુગાવા સામે લડવા માટે જરૂરી ઊંચા વ્યાજ દરો વિશ્વ અર્થતંત્રને મંદીમાં ધકેલી શક્યા નથી. તેમણે ઈચ્છિત પરિણામો આપ્યા છે. મુખ્ય ફુગાવો ઉભરતા બજારો કરતાં વિકસિત અર્થતંત્રોમાં ઝડપથી લક્ષ્ય ઉપર પાછો આવી રહ્યો છે.

# દિલ્હી પોલીસ IT એક્ટ મુજબ હવે સોશિયલ મીડિયા કંપનીઓને "ગેરકાનૂની અહેવાલો અને વૃત્તાંત" કાઢી નાખવાનો આદેશ આપી શકશે

નવી દિલ્હી, તા.૧૮

સોશિયલ મીડિયાના અલગ અલગ પ્લેટફોર્મ ઉપર અને એપ ઉપર મુકાતા ગેરકાયદે અહેવાલો અને વૃતાંતને કાઢી નાખવાનો આદેશ આપવાની દિલ્હીના લેફ. એન્ડ ગવર્નર વીકે સકસેનાએ દિલ્હી પોલીસના ૨૧ સિનિયર અધિકારીઓને સત્તા આપી છે. આઈટી ધારા મુજબ પોલીસ અધિકારીઓ હવે આવા કોઈપણ "ગેરકાયદે વૃતાંતો અને અહેવાલો" કાઢી નાખવાનું સોશિયલ મીડિયા કંપનીઓને આદેશ આપી શકશે. આ કાયદા મુજબ ન્એ એમને સત્તા આપી છે. ૨૬ ડિસેમ્બરે બહાર પડેલા જાહેરનામામાં એલજીએ આ કામગીરી કરવા માટેની દિલ્હીના એનસીટીની લોડલ એજન્સી તરીકે દિલ્હી પોલીસને કામગીરી સોંપી છે. દિલ્હીના ગૃહ વિભાગ દ્વારા બહાર પડેલા જાહેરનામામાં દર્શાવ્યું છે કે, તમામ જિલ્લાના ડીસીપી, આઈએફએસઓ, આર્થિક અપરાધ શાખા, સ્પેશિયલ સેલ અને સ્પેશ્યલ બ્રાન્ચ, ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ, રેલવે અને દિલ્હી મેટ્રોના સત્તાવાળાઓને તેમના પોતપોતાના વિસ્તારોમાં જો આવા કેસો જોવા મળે તો તે પ્રકારના અહેવાલો કઢાવી નાખવા માટે જે તે સોશિયલ મીડિયા કંપનીને નોટિસ આપવા માટે અધિકૃત કર્યા છે. આવા કોઈપણ પ્લેટફોર્મ ઉપર જે તે કંપની દ્વારા સંચાલિત કે અંકુશિત હોય એવા કોમ્પ્યુટર સાથે સંકળાયેલ કે તેમાં રહેલ કોઈ પણ માહિતી કે ડેટા કે સંદેશા વ્યવહારનો ગેરકાનૂની કાર્ય માટે ઉપયોગ થયો હોય તો એવા ઉદાહરણોની જાણ કરવાની અને તેની નોંધ લેવાની સત્તા પણ દિલ્હી પોલીસને અને તેના ઉચ્ચ અધિકારીઓને આપવામાં આવી છે.

# જો સાથીઓને લાગતું હોય કે ઈન્ડિયા ગઠબંધન તૂટી રહ્યું છે તો કોંગ્રેસે જવાબદારી સ્વીકારવી જોઈએ : સંજય રાઉત



મુંબઈ, તા.૧૮

શિવસેના ઉદ્ધવના નેતા સંજય રાઉતે તાજેતરમાં જણાવ્યું હતું કે ઈન્ડિયા ગઠબંધનને અતૂટ રાખવાની જવાબદારી કોંગ્રેસની છે કેમ કે વિપક્ષના જોડાણમાં એ સૌથી મોટો પક્ષ છે. ઈન્ડિયા ગઠબંધનની નેતાગીરી અને એજન્ડા વિશે સ્પષ્ટતા ન હોવા અંગે જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ વ્યક્ત કરેલી નિરાશા અને ચિંતા અને એમના સૂચન કે જો સંસદીય ચૂંટણી માટે જ ગઠબંધન રચાયું હોય તો હવે તેને વિખેરી નાખવું જોઈએ એવા ઉમરના નિવેદનના સંદર્ભમાં શિવસેનાના નેતાનું આ નિવેદન આવ્યું છે. સંજય રાઉતે આગળ જણાવ્યું હતું કે જો વિપક્ષી જોડાણના સાથીઓને એવું લાગતું હોય કે આ જોડાણની રચના માત્ર લોકસભાની ચૂંટણીઓ માટે જ થઈ થઈ હતી અને હવે તેનું અસ્તિત્વ રહ્યું નથી તો પછી આ માટેની જવાબદારી કોંગ્રેસે સ્વીકારવી જોઈએ. પરસ્પર સાથી પક્ષો વચ્ચે કોઈ સંવાદ થતો નથી. કોઈ ચર્ચા વિચારણા નથી કે કોઈ સંપર્કો થતા નથી. આપણે લોકસભાની ચૂંટણીઓ સાથે મળીને લડ્યા અને તેના સારા પરિણામ પણ આવ્યા એટલે ભાવિ રાજકીય યોજનાઓ માટે આપણે બેઠકો કરવી જોઈએ અને એ દિશામાં પહેલ કરવાની જવાબદારી કોંગ્રેસની રહે છે. વિપક્ષ જોડાણમાં સાથીઓ વચ્ચે સંપર્કનો અભાવ હોવાથી એવી છાપ ઊભી થઈ રહી છે કે ઈન્ડિયા બ્લોકમાં કશું સારૂ થઈ રહ્યું નથી. આ જોડાણ બે ડઝનથી વધુ પક્ષોનું છે પણ તેમાં કશી ભલીવાર રહી નથી એવી છાપ ઊભી થઈ રહી છે એવું રાજ્યસભાના સાંસદનું માનવું છે. તેઓ કહે છે કે વાતચીતનો અભાવ અને સંવાદો તથા ચર્ચાઓનો અભાવ હોવાથી જોડાણમાં દરેકના મનમાં એક ગૂંચવાડો એવો ઊભો થયો છે કે જોડાણમાં કશું સારૂ થઈ રહ્યું નથી. તેમણે કહ્યું હતું કે જો આ વિપક્ષી ગઠબંધન માત્ર લોકસભાની ચૂંટણીઓ માટે હતું તો પછી હવે તેનું અસ્તિત્વ નથી એવું જાહેર થઈ જવું જોઈએ જેથી કરીને દરેક સાથી પક્ષો પોતાનો માર્ગ નક્કી કરી શકે. જોકે બધાને સાથે રાખવાની જવાબદારી કોંગ્રેસે વહન કરવી જોઈએ અને જો આ ગઠબંધનનું વિસર્જન કરવું પડે તો એ છેવટનું પગલું હશે. મહારાષ્ટ્રનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે જ્યારે મહારાષ્ટ્રનું કોંગ્રેસનું ઘટક બેઠક સમજૂતી માટે આ થાક પ્રયાસો કરી રહ્યો હતો ત્યારે પણ કોંગ્રેસની કેન્દ્રીય નેતાગીરીએ રસ લીધો નહોતો ત્યારે ઘણી બધી બેઠકો એવી હતી જ્યાં એનસીપી શરદ પવાર અને શિવસેના ઉદ્ધવ ઠાકરેના સારા ઉમેદવારો હતા પણ કોંગ્રેસે એ બેઠકો ઉપરનો દાવો જતો કર્યો ન હતો. આવા એકલો જાણે રે અભિગમને બદલે જો બેઠક સમજૂતીમાં આગળ વધ્યા હોત તો આપણે સારી રીતે એ સમજૂતી કરી શક્યા હોત. તેના કારણે જ વિધાનસભાની ચૂંટણીઓમાં નબળું પરિણામ આપણે ભોગવવું પડ્યું. રાષ્ટ્રીય સ્તરે જે પ્રકારે સંકલન હતું એવું મહારાષ્ટ્રમાં જોડાણના સાથી પક્ષો વચ્ચે રહ્યું નહોતું. કોંગ્રેસના કેટલાક નેતાઓના મંતવ્ય કે કેજરીવાલ રાષ્ટ્રવિરોધી છે તેની સાથે રાઉત બિલકુલ સંમત નથી. તેમણે કહ્યું હતું કે દિલ્હીમાં રાષ્ટ્રીય વિપક્ષી જોડાણમાં બે સાથી પક્ષો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સાથે મળીને ચૂંટણી લડે તો એ સારૂ જ હતું. બંને પક્ષોએ સંતુલન રાખવાની જરૂર છે. મહારાષ્ટ્રના સ્થાનિક કોંગ્રેસ નેતાઓને પણ એવી શંકા છે કે એમવીએમ બેઠક સમજૂતીઓ થાય નહીં એવું કાવતરૂ ઘડાયું હતું એવું લાગે છે કેમ કે બેઠક સમજૂતી કરવામાં ઘણો સમય વેડફી નાખવામાં આવ્યો અને ચૂંટણી પહેલા સીએમના હોદ્દા માટે અંદરો અંદર ઝઘડા થતા રહ્યા. એ રીતે આપણે નિર્ણાયક પ્રચાર માટેના ૨૦ કીમતી દિવસ વેડફી નાખ્યા હતા.

# ભાજપના સંગઠનમાં પોતાના માણસો ગોઠવવા માટે લોબિંગ-સેટિંગ જોરશોરમાં

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત ભાજપમાં ગમે ત્યારે શહેર-જિલ્લા પ્રમુખના નામોની સત્તાવાર જાહેરાત થઈ શકે છે. જોકે, આ વચ્ચે એક ચર્ચા શરૂ થઈ છે કે, આ જાહેરાતમાં હજી વિલંબ થઈ શકે છે. કારણ કે, આંતરિક વિખવાદ જોતા વાત દિલ્હી હાઈકમાન્ડમાં પહોંચી છે અને દિલ્હી દરબારમાં હામી ભરાયા બાદ નામોની જાહેરાત થશે. જો કે, આ વચ્ચે કમલમમાં પોતાના માણસો ગોઠવવા માટે નેતાઓમાં દોડધામ મચી ગઈ છે. હાલમાં જ મહાનગરપાલિકા, જિલ્લા પ્રમુખોની વરણીને લઈ સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. રાજ્યભરમાં શહેર અને જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સેન્સ પ્રક્રિયા થઈ હતી. એક પદ માટે ઢગલાબંધ દાવેદારોએ કાર્યાલય ખાતે પોતાની દાવેદારી નોંધાવી હતી. બીજી તરફ જોઈએ તો પ્રમુખ બનવા માટે ઉમેદવારોનો રાફડો ફાટ્યો છે. જેને કારણે નિરીક્ષકોની ટીમ પણ ગૂંચવાઈ હતી. મજબૂત દાવેદારોએ પદ મેળવવા માટે છેક કમલમ સુધી લોબિંગ કરી રહ્યા છે. તો અનેક શહેરોમાં કાંટે કી ટક્કર જોવા મળી રહી છે. બીજી તરફ, સંગઠનમાં હોદ્દો મેળવવા માટે ભાજપમાં આંતરિક ખેંચતાણ જોવા મળી રહી છે. ધારાસભ્યોથી લઈને નેતાઓ સંગઠનમાં પોતાના માણસો ગોઠવવા માટે પોતાની વગ લગાવી રહ્યાં છે. ત્યારે હવે જોવું એ રહ્યું કે કોનું નામ જાહેર થાય છે. સમગ્ર મામલો દિલ્હી દરબારમાં પહોંચ્યો છે. આંતરિક ડખા બહાર આવતા અને ખેંચતાણ શરૂ થતા હવે જાહેરાતમાં હજી વિલંબ થઈ શકે છે. ફાઈનલ લિસ્ટ માટે ભાજપ પ્રદેશના નિરીક્ષકો દિલ્હી જઈને પરત આવ્યા હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે. જાણવા મળ્યું છે કે, અટવાયેલા મામલાને કારણે તેમનો પ્રવાસ પણ લંબાવાયો છે. દિલ્હીમાં ચર્ચા વિમર્શ કર્યા બાદ જ નામોની જાહેરાત કરવામાં આવશે.

# યુનિવર્સિટીઓમાં જાતિવાદ સામે સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

નવી દિલ્હી તા.૧૮

યુનિવર્સિટીઓમાં SC-ST યુવાનો સાથે જાતિવાદ ઉપર સુપ્રીમ કોર્ટમાં દલીલ કરતી વખતે, વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે કહ્યું કે ૨૦૦૪થી, IIT અને અન્ય સંસ્થાઓમાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. તેમાંથી મોટાભાગના SC-ST વિદ્યાર્થીઓ છે. ૧૭ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ રોહિત વેમુલાની આત્મહત્યા, જેને સંસ્થાકીય હત્યા કહેવામાં આવી હતી, અને ૨૨ મે ૨૦૧૯ના રોજ પાયલ તડવીની આત્મહત્યાએ મોટી શૈક્ષણિક સંસ્થાઓમાં દલિત અને આદિવાસી વિદ્યાર્થીઓ સાથે જાતિવાદ ઉપર મોટી ચર્ચા શરૂ કરી હતી. રોહિત વેમુલા અને પાયલ તડવીની આત્મહત્યા હેડલાઈન્સમાં હતી. તેમની માતાઓએ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિ ભેદભાવની ફરિયાદ કરતી PIL દાખલ કરી હતી. આ અંગે, સુપ્રીમ કોર્ટે હવે ૩ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ UGC પાસેથી જવાબ માંગ્યો છે. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જવલ ભુઈયાનની બેન્ચે આ સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ સૂચનાઓ આપી છે. તેમણે એમ પણ કહ્યું કે તેઓ દેશભરની શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિવાદનો સામનો કરવા માટે એક અસરકારક પદ્ધતિ બનાવશે. યુનિવર્સિટીઓમાં SC-ST યુવાનો દ્વારા સામનો કરવામાં આવતા જાતિવાદ ઉપર સુપ્રીમ કોર્ટમાં દલીલ કરતી વખતે, વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે કહ્યું કે ૨૦૦૪ થી, IIT અને અન્ય સંસ્થાઓમાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. તેમાંથી મોટાભાગના SC-ST વિદ્યાર્થીઓ છે. ડૉ. વિક્રમ હરિજને યુનિવર્સિટીઓમાં જાતિવાદ સામે સુપ્રીમ કોર્ટના મોટા નિર્ણય વિષે દલિત દસ્તકના સંપાદક અશોક દાસ સાથેની વાતચીતમાં ઘણા સવાલો ઉભા કર્યા છે.

# શાળામાં ફાયર સેફ્ટીના નિયમોની પુર્નઃ વિચારણા કરી હળવા કરવા માંગણી કરાઈ

અમદાવાદ,તા.૧૮

રાજયના શાળા સંચાલક મંડળ દ્વારા ફાયર સેફ્ટીને લઈને રજૂઆત કરવામાં આવી છે. જેમાં ફાયર સેફ્ટીના નિયમોની પુર્નઃ વિચારણા કરી નિયમો હળવા કરવામાં આવે તેવી માંગણી કરી છે. આ ઉપરાંત ફાયર સેફ્ટીના સાધનો ખુબ જ મોંઘા આવતા હોવાથી સરકાર દ્વારા સાધનો લગાવી આપવામાં આવે અથવા તો ગ્રાન્ટમાંથી લગાવવાની વ્યવસ્થા કરવામાં આવે તેવી માગણી કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સંચાલક મંડળ દ્વારા ફાયર સેફ્ટીને લઈને કમિશનર ઓફ સ્કૂલને પત્ર લખીને રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, ફાયર NOC સંદર્ભે રાજ્યની ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક શાળા માટે સૂચનાઓ બહાર પાડવામાં આવેલી છે. રાજ્યશાળા સંચાલક મહામંડળે રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓના ફાયર NOC સંદર્ભે રાજયના મુખ્યમંત્રીને રૂબરૂ મળીને છેલ્લા ૪ મહિનામાં ૪ વખત મૌખિક અને લેખિત રજૂઆતો કરેલી છે. દરમ્યાન સંચાલક મંડળે ફરી ફાયર સેફ્ટીને લઈને રજૂઆત કરી છે. જેમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તાજેતરમાં સ્માર્ટ બોર્ડ અને કોમ્પ્યુટર ગ્રાન્ટેડ શાળામાં ઈન્સ્ટોલ કરી આપ્યા છે, તે જ રીતે શાળામાં ફાયરના સાધનો ઈન્સ્ટોલ કરી આપવામાં આવે તેવી માંગણી કરાઈ છે. સ્થાનિક ધારાસભ્ય-સંસદ સભ્યની વિકાસ ગ્રાન્ટમાંથી રાજયની ગ્રાન્ટેડ શાળાઓને ફાયર સાધનો વસાવી આપે તેવી વ્યવસ્થા કરવા પણ જણાવાયું છે. રાજ્યની સમગ્ર શિક્ષા કચેરી દ્વારા પ્રતિવર્ષ ધોરણ-૯થી ૧૨માં રજીસ્ટર્ડ થયેલા વિદ્યાર્થીઓ માટે કેન્દ્ર સરકારમાંથી કમ્પોઝિટ ગ્રાન્ટ મળતી હોય છે. જેથી કમ્પોઝિટિવ ગ્રાન્ટમાંથી ગ્રાન્ટેડ શાળાઓને ફાયરના સાધનો વસાવી આપવામાં આવે તેવી પણ માગણી કરવામાં આવી છે. રાજ્ય અગ્નિશામક કચેરી દ્વારા રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓના મકાનોનો સેમ્પલ સર્વે કરીને રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ માટે અલગ- અલગ સલામતીના નિયમો બનાવવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે. જેમાં શૈક્ષણિક સંસ્થામાં સાધનો વસાવવા ખૂબ જ મોંઘા છે. જેથી ફાયર સલામતીના નિયમોની પુર્નઃ વિચારણા કરી અને થોડાક હળવા કરવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે.

# 'ભાજપ મત માટે સોનાની ચેઈનનું વિતરણ કરી રહ્યું છે' : કેજરીવાલ

નવી દિલ્હી તા.૧૮

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને AAPના વડા અરવિંદ કેજરીવાલે ભાજપ ઉપર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે કહ્યું કે, દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપ ખુલ્લેઆમ પૈસાનું વિતરણ કરી રહ્યું છે. તે સોનાની ચેઈન પણ વહેંચી રહી છે. આના કારણે લોકોમાં ભારે અસંતોષ છે. તેમણે કહ્યું, "દુર્વ્યવહાર કરનારા પક્ષના લોકો પાસે ઘણા પૈસા છે. હવે તેમણે પોતાના નેતાઓને સોનાની ચેઈન વહેંચવા મોકલ્યા છે. પરંતુ તેમના નેતાઓ વિભાજીત નથી થઈ રહ્યા. જે કોઈ તેમની ઓફિસમાં જાય છે અને તેમની સાથે લડે છે, તેઓ તેને ચૂપ કરાવવા માટે તે આપે છે. તેમ તેમનામાં ગુસ્સો વધી રહ્યો છે."

# એક તરફ તબીબોની અછત અને બીજી તરફ મેડિકલ કોલેજોની બેઠકો ખાલી છે

અમદાવાદ તા.૧૮

આપણે ત્યાં કેટલીક અસમાનતાઓ અને અસંતુલન ઊડીને આંખે વળગે છે છતાં જાણે કે એનો કોઈ ઉકેલ જ ન હોય એમ આવી સમસ્યાઓનું પુનરાવર્તન થતું જ રહે છે. આવી જ સમસ્યા તબીબી શિક્ષણ ક્ષેત્રની છે. દેશમાં એક તરફ ડોકટરોની અછત મોટી સમસ્યા છે તો બીજી તરફ મેડિકલ કોર્સમાં સીટો ખાલી છે. આ મુદ્દો અવારનવાર કોર્ટમાં ઊઠયો છે. પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓ પણ આજીજી કરી રહ્યા છે. ત્યારે તાજેતરમાં સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે કહેવું પડ્યું છે કે, મેડિકલ કોર્સમાં સીટો ખાલી રહી શકે નહીં. આ વખતે 'સુપર સ્પેશિયાલિટી' ફેકલ્ટીમાં સીટો ખાલી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

પ્રશ્ન એ છે કે, દર વર્ષે આવી સ્થિતિ કેમ સર્જાય છે ? ગયા વર્ષે પણ સુપ્રીમ કોર્ટે આ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ત્યારબાદ કેન્દ્રએ ઉકેલ શોધવાનો પ્રયાસ કર્યો હતો અને હિતધારકોની બનેલી સમિતિની રચના પણ કરી હતી પણ એનું પરિણામ શું આવ્યું ? શું 'નેશનલ મેડિકલ કાઉન્સિલ'ની પ્રવેશ નીતિમાં કોઈ ખામી છે ? દર વર્ષે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા આપે છે પરંતુ કાઉન્સેલિંગના અનેક રાઉન્ડ બાદ પણ બેઠકો ખાલી રહે છે. આવા સંજોગોમાં શાળાઓમાં વિદ્યાર્થીઓને ગુણવત્તા આધારિત શિક્ષણ નથી મળતું કે કેમ ? તેવો પ્રશ્ન પણ ઊભો થાય છે. શું આપણી શિક્ષણ પ્રણાલીના પાયામાં કંઈક ઉણપ છે ? આ બાબતે વિચારવાની જરૂર છે. શાળાઓ ભવિષ્ય માટે દેશને જોઈએ તેટલી સક્ષમ પ્રતિભાઓ તૈયાર કરી રહી નથી એ દુ:ખ તેમજ અફસોસની બાબત છે.

ગત વર્ષે પણ મેડિકલ કોર્સમાં ઘણી બેઠકો ખાલી રહી હતી. એક રીતે આ સ્થિતિ તેને લગતી નીતિઓ ઉપર પ્રશ્નચિહ્ન સમાન છે. બીજી તરફ ખાનગી મેડિકલ કોલેજો જે રીતે તગડી રકમ વસૂલીને પોતાની બેઠકો ભરે છે તેનાથી અનેક ગરીબ હોંશિયાર વિદ્યાર્થીઓ તકથી વંચિત રહી જાય છે. ઊંચી ફીના કારણે ઘણા વાલીઓ પોતાના બાળકોને તબીબી શિક્ષણ અપાવી શકતા નથી. ગુજરાતમાં આપણે જોયું કે આ વખતે ઘણા વિદ્યાર્થીઓએ ખાનગી મેડિકલ કોલેજોમાં એડમિશન મળી ગયું હોવા છતાં સીટ કન્ફર્મ કરાવી ન હતી. આવું અન્યત્ર પણ થયું જ હશે. આ સિવાય જો કાયદાકીય રીતે જોઈએ તો મેડિકલ કોર્સમાં ખાલી રહેતી સીટો પણ એ વાતની સૂચક છે કે, શાળા-કોલેજોમાં શિક્ષણની ગુણવત્તા એ સ્તરની નથી કે ત્યાં યોગ્ય વિદ્યાર્થીઓ ભણી-ગણીને મેડિકલમાં એડમિશન લઈ શકે. સ્વાસ્થ્યનું એકંદર ચિત્ર જોઈએ તો દેશને લાયકાત ધરાવતા અને નિષ્ણાત ડોકટરોની ખૂબ જ જરૂર છે. આવી સ્થિતિમાં મેડિકલ કોર્સમાં સીટો ખાલી રહે એ સરકારની મોટી નિષ્ફળતા છે.

‘સાથિયા પુરાવો આજ, દિવડા પ્રગટાવો રાજ’

# સોમનાથ-વેરાવળ-પાટણ નગરપાલિકાનો આવતીકાલ ૧૯ મી જાન્યુઆરીએ જન્મદિવસ




## સાત દાયકાની સફર, ગૌરવવંતો ઈતિહાસ અને ઉજજવલ ભવિષ્ય માટે મહેનત કરતી નગરપાલિકા

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૮

વેરાવળમાં જૂનાગઢ સ્ટેટ તરફથી તા.૧-૯-૧૯૩૪ના રોજ શહેર સુધરાઈ આપવામાં આવી હતી. પરંતુ તેના પ્રમુખ તરીકે વેરાવળ પોર્ટ ઓફીસરને બનાવવામાં આવ્યા હતા. અને બાકીના સભ્યોની પણ સ્ટેટ તરફથી નિમણૂંક કરવામાં આવી હતી.

૧૯૪૭ માં દેશ સ્વાતંત્ર્ય થતાં ૧૯૫૦ માં વેરાવળને પ્રજાકીય શહેર સુધરાઈ આપવામાં આવી હતી જેમાં ચુંટણી દ્વારા સભ્યોની પસંદગી થઈ જેના પ્રથમ પ્રમુખ તરીકે વકિલ હીરાચંદ કે. ગાંધીએ તા.૧૯-૧-૧૯૫૦ ના રોજ ચાર્જ સંભાળ્યો હતો. ત્યારે શહેરનો વિસ્તાર ૯.૦૬૫ ચો.કિલોમીટર હતો અને વસ્તી ૭૫,૫૨૦ હતી સને ૧૯૭૧માં વસ્તી ગણત્રી મુજબ તે હતી.

૧૯૧માં કુલ વસ્તી ૧૫,૩૩૯ અને ૧૯૦૧માં કુલ વસ્તી ૧૬,૬૭૫ હતી. જયારે આજે વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકાની વસ્તી પોણા બે લાખ છેઅને આવનારા મહિનાઓમાં આ શહેર મહાનગરપાલિકા બનનાર છે.

૧૯૭૧માં પ્રભાસ પાટણ નગરપાલિકાનું વેરાવળ સાથે જોડાણ થયું અને વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા બની. આ પાલિકા અનેકવાર ભુતકાળમાં સુપરસીડ થઈ છે અને ૧૬ વખત વહીવટદાર શાસન આવી ચુકેલ છે. એક સમયે સમગ્ર ગુજરાત રાજયભરની નગરપાલિકાઓની એકી સાથે યોજાયેલી ચુંટણીમાં જયારે ભાજપનો કેસરીયો જંગી બહુમતીથી લહેરાયો હતો ત્યારે એક માત્ર વેરાવળમાં જનજાગૃતિ મંચનો તોતીંગ બહુમતીથી વિજય થયો હતો.

આ નગરપાલિકાએ સોમનાથ પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે આવેલા તત્કાલીન રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્રપ્રસાદનું વેરાવળના ગાર્ડનમાં ખાસ સન્માન કર્યુ હતું. સોમનાથના ભાસ્કર વૈદ્ય યથા સ્મૃતિ વાગોળતા કહે છે ‘આ પાલિકાની ચુંટણીના ઈતિહાસમાં કોઈને કોઈ વર્ષે એકજ પરિવારના બે પુત્રો અને પુત્રવધૂ ચુંટણીમાં વિજેતા બન્યાનો ઈતિહાસ છે. એટલુંજ નહિં જેમાંના કોઈ પ્રમુખ-ઉપપ્રમુખ કે સભ્યપદે બિરાજી ચુકેલા છે.

વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમ મહિલા પ્રમુખ તરીકે ૧૯૯૮માં ભાનુબહેન કુહાડા ચુંટાઈ આવેલ હતા. આવો જ બીજો ઈતિહાસ હમણા જ રચાયો કે વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકામાં પ્રભાસ પાટણના મહિલાને પ્રમુખપદ અપાયું અને પલ્લવીબહેન જાન હાલ પ્રમુખ પદે બિરાજમાન છે. કિશોરભાઈ કુહાડા, રવિભાઈ ગોહેલ, પિયુષ ફોફંડી સહિતના ઘણાં પ્રમુખોના શાસનને આજે યાદ કરાય છે.

રવિભાઈ ગોહેલ પ્રમુખની ચેમ્બરમાં કાયમી ધોરણે ઠંડુ શરબત રાખતા અને કોઈ અરજદાર તેમને મેળવા આવે ત્યારે વાત પછી સાંભળે અને પ્રથમ ઠંડુ શરબત પાઈ પછી જ વાત સાંભળે અને તેનો પ્રશ્ન ઉકેલાણો કે નહીં તેનો ફલોઅપ પણ ટેલીફોનીક સંપર્કથી કરતા હતા. વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા પ્રજાને શ્રેષ્ઠ સેવા આપતી થાય તે માટે ગીર સોમનાથ જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા સતત પરીશ્રમ કરી દોડતા રહે છે. ચોમાસાનું પાણી દેવકાના પુલ નીચેતથી સરળતાથી પસાર થાય અને તે માટે તનતોડ મહેનત કરી નદીના પટને સાફ કરાવ્યો, વેરાવળ ખાતે ચોપાટી ફેસ ટુ તુરતજ શરૂ થઈ જાય તે માટે ચીફ ઓફીસરના સંકલન સાથે પરિણામલક્ષી કામગીરી કરી રહયા છે. ગીર સોમનાથ જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ નગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમવાર વોર્ડસભા શરૂ કરાવી અને તેમાં પોતે પણ હાજર રહી પ્રજાના પ્રશ્નોને ઉકેલ કરાવ્યો હતો. તત્કાલીન પ્રમુખ પિયુષ ફોફંડીએ પાટણ દરવાજા પાસે રેલ્વેલાઈન પાસે રસ્તો પહોળો કરાવ્યો અને નગરપાલિકાનું નામ ‘સોમનાથ’ નગરપાલિકા બને તેવો સર્વાનુમતે ઠરાવ પણ રાજય સરકારને મોકલ્યો.

૧૦૦ વર્ષમાં તમામ કુંભમાં ભાગ લઈ ચૂક્યા

# મહાકુંભમાં ૧૨૮ વર્ષના સ્વામી શિવાનંદ આકર્ષણનું કેન્દ્ર બન્યા

## સ્વામી શિવાનંદે સદીમાં બધા જ કુંભમાં પવિત્ર ડુબકી લગાવી

પ્રયાગરાજ, તા.૧૮

પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત યોગ સાધક સ્વામી શિવાનંદ બાબાએ છેલ્લા ૧૦૦ વર્ષમાં યોજાયેલા બધા જ કુંભમાં ભાગ લીધો છે. આ બાબતની જાણકારી તેમના શિષ્ય સંજય સર્વજનાએ આપી હતી. પ્રયાગરાજમાં સોમવારથી શરૂ થયેલા મહાકુંભ મેળામાં નાગા સાધુઓ અને અન્ય સંન્યાસીઓની જેમ ૧૨૮ વર્ષના સ્વામી શિવાનંદ બાબા પણ લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે.

મહાકુંભનગરના સેકટર ૧૬માં સંગમ લોઅર માર્ગ પર સ્થિત બાબાના શિબિર બહાર લાગેલા બેનરમાં પ્રકાશિત તેમના આધાર કાર્ડમાં તેમની જન્મ તારીખ ૮ ઓગસ્ટ, ૧૮૯૬ નોંધાયેલી છે. જોકે, બાબાશિવાનંદની જન્મ તારીખ અંગે કોઈ સત્તાવાર પુરાવો ઉપલબ્ધ નથી. સ્વામી શિવાનંદે છેલ્લી એક સદીમાં બધા જ કુંભમાં પવિત્ર ડુબકી લગાવી છે.

શિવાનંદ બાબાને ૧૨૫ વર્ષની વયે વર્ષ ૨૦૨૨માં મોદી સરકારે પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કર્યા હતા. શિવાનંદ બાબાના પ્રારંભિક જીવન અંગે બેંગ્લુરુના તેમના શિષ્ય ફાલ્ગુન ભટ્ટાચાર્યએ કહ્યું કે, બાબા શિવાનંદનો જન્મ એક ભીખારી પરિવારમાં થયો હતો. ચાર વર્ષની વયે તેમના માતા-પિતાએ તેમને ગામમાં આવેલા સંત ઓમકારાનંદ ગોસ્વામીને સોંપી દીધા હતા, જેથી તેમને ભોજન-પાણી મળી શકે.

છ વર્ષની વયે શિવાનંદ બાબાએ એક જ સપ્તાહમાં બહેન અને માતા-પિતા ગુમાવ્યા તેમણે એક જ ચિતામાં માતા-પિતાના દાહ સંસ્કાર કર્યા. ત્યાર પછી સંત ઓમકારાનંદ ગોસ્વામીએ જ તેમનો ઉછેર કર્યો. તેમના અન્ય એક શિષ્યા શર્મિલા સિંહાએ કહ્યું કે, તેઓ બાળપણથી જ શિવાનંદ બાબાને ઓળખે છે. તેમનું જીવન એકદમ સરળ છે. તેઓ દરેક વ્યક્તિને નમન કરે છે. તેઓ કોઈની પાસેથી દાન લેતા નથી અને ૧૯૭૭થી તેમણે રૂપિયાને સ્પર્શ પણ નથી કર્યો. તેઓ કાશીના ઘાટ પર લોકોને યોગ શિખવાડે છે.

તેમણે તેમનું જીવન લોકસેવામાં સમર્પિત કરી દીધું છે. ભટ્ટાચાર્યેએ કહ્યું કે, બાબા શિવાનંદ અડધું પેટ ભરાય તેટલું જ ભોજન કરે છે. તેઓ મીઠા અને તેલ વિનાનું ઉકાળેલું ભોજન આરોગે છે. બાબા રાતે ૯:૦૦ વાગ્યે સુઈ જાય છે અને સવારે ૩:૦૦ વાગ્યે ઊઠે છે. સવારે યોગ-ધ્યાન કરે છે. ત્યાર પછી આખો દિવસ તેઓ સૂતા નથી. સ્વામી શિવાનંદ બાબા વારાણસીના કબીર નગર, દુર્ગાકુંડમાં રહે છે. કુંભ મેળા પછી તેઓ બનારસ પાછા જતા રહેશે.

ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાએ કહ્યું

# પેપર લીક કરવું પણ ભ્રષ્ટાચાર સમાન છે, વિદ્યાર્થીઓના સપનાં ચકનાચૂર થઈ જાય છે

## CJI સંજીવ ખન્નાએ ભ્રષ્ટાચારને ત્રણ માથાવાળો રાક્ષસ ગણાવતા આ સામાજિક બદી પર આકરા પ્રહાર કર્યા



નવી દિલ્હી, તા.૧૮

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) સંજીવ ખન્નાએ ભ્રષ્ટાચારને ત્રણ માથાવાળો રાક્ષસ ગણાવતા આ સામાજિક બદી પર આકરા પ્રહાર કર્યા હતા. લોકપાલ દિવસે નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે, ‘ભ્રષ્ટાચાર લોકોના વિશ્વાસ અને લોકશાહીની વિચારધારાને નષ્ટ કરે છે. ભ્રષ્ટાચાર વિરોધી લોકપાલની સફળતા નાગરિકોના વિશ્વાસ અને જોડાણ પર આધારિત છે. પેપર લીક પણ ભ્રષ્ટાચારનો જ હિસ્સો છે કારણ કે, તે વિદ્યાર્થીઓની મહત્ત્વાકાંક્ષા અને સપના ચકનાચૂર કરી નાખે છે. આ પ્રકારનો ભ્રષ્ટાચાર જાહેર શિક્ષણ અને નોકરી મેળવવાની ક્ષમતાના અધિકારો પર ગંભીરરૂપે અસર કરે છે.’ આ વિશે વધુ વાત કરતા ચીફ જસ્ટિસે કહ્યું કે, બંધારણીય યોજનાઓ માટે લોકપાલ અત્યંત મહત્ત્વનો હોદ્દો છે, જે દેશને ભ્રષ્ટાચાર મુક્ત કરવામાં મદદરૂપ બને છે. જો કે, એકમાત્ર લોકપાલની સ્થાપનાથી ભ્રષ્ટાચારની સમસ્યાઓ દૂર ના થઈ શકે. લોકપાલે સેન્ટ્રલ વિજિલન્સ કમિશન અને અન્ય એજન્સીઓ સાથે જોડાણ કરી સંપૂર્ણ ક્ષમતા સાથે કામ કરવું પડશે. આ સંયુક્ત જોડાણ જ ભ્રષ્ટાચારને જડમૂળમાંથી કાઢી નાખવામાં મદદરૂપ થશે.’

ભ્રષ્ટાચાર વિરોધી કાયદા અંગે તેમણે કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર અને લાંચ કાયદા-નિયમોનું ઉલ્લંઘન સમાજનું પતન કરે છે. તે લોકોનો વિશ્વાસ તોડે છે. પરિણામે રાજકીય અને આર્થિક અસ્થિરતા સર્જાય છે. આ પ્રકારની સ્થિતિ સામાજિક વિભાજન સાથે હિંસાને જન્મ આપે છે. ચીફ જસ્ટિસ ખન્નાએ કહ્યું હતું કે, ગરીબો પોતાની આવકનો સૌથી વધુ હિસ્સો લાંચ આપવામાં ખર્ચ કરે છે. સરકારી સેવાઓ પર નિર્ભર ગરીબો અને ખાસ કરીને મહિલાઓ ભ્રષ્ટાચારનો સૌથી વધુ ભોગ બને છે. વંચિત જાતિઓ પણ તેનો સૌથી વધુ ભોગ બને છે. બીજી તરફ ઉચ્ચ વર્ગના લોકો પૈસાના જોરે સરકારી સેવાઓનો લાભ સરળતાથી મેળવી રહ્યા છે. સરકારી આંકડા અનુસાર, હાઈ પ્રોફાઈલ ભ્રષ્ટાચારના કારણે દેશને દર વર્ષે રૂ. ૩૬ હજાર કરોડનું નુકસાન થાય છે. ૨૦૦૫માં સરકારી સેવાઓ માટે દરરોજ રૂ. ૨૧૦૦૦ કરોડની લાંચ અપાઈ હતી.

સર્વેઈલન્સથી માંડી લોજિસ્ટિક્સનું કામ સંભાળશે

# ભારતીય સેના સાથે હવે કામ કરશે રોબોટિક ઘોડા

## આર્મી દ્વારા પ્રાણીઓનો ઉપયોગ કરવામાં આવે છે, પણ હવે તેમની જગ્યાએ આ રોબોટિક મ્યુલ્સનો ઉપયોગ થશે

નવી દિલ્હી, તા.૧૮

ઈન્ડિયન આર્મીએ હવે તેમની ટુકડીમાં રોબોટિક મ્યુલ્સનો પણ સમાવેશ કર્યો છે. મ્યુલ્સનો અર્થ ખચ્ચર થાય છે, પરંતુ અહીં રોબોટિક ઘોડા તરીકે પણ એનો ઉલ્લેખ કરવામાં આવે છે. ૧૫ જાન્યુઆરીએ ૭૭મા આર્મી ડેની ઉજવણી પૂણેમાં કરવામાં આવી હતી. આ આર્મી પરેડમાં ક્વાડ્રૂપેડલ અનમેન્ડ ગ્રાઉન્ડ વ્હીકલ જેને રોબોટિક મ્યુલ્સ તરીકે ઓળખવામાં આવે છે, એનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. એરોઆર્ક પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આ રોબોટને બનાવવામાં આવ્યા છે. આર્મી દ્વારા ઘણી વાર પ્રાણીઓનો ઉપયોગ કરવામાં આવે છે, પણ હવે તેમની જગ્યાએ આ રોબોટિક મ્યુલ્સનો ઉપયોગ થશે.

મલ્ટી યુટિલિટી લેગ્ડ ઈક્વિપમેન્ટ તરીકે પણ જાણીતા આ રોબોટિક મ્યુલ્સને ખાસ કરીને અસામાન્ય પરિસ્થિતિઓમાં પણ કામ કરવા માટે બનાવવામાં આવ્યા છે. પર્વતયાળ વિસ્તાર હોય, એકદમ સીધું ઉતરવાનું હોય અથવા તો ચઢવાનું હોય જ્યાંથી લપસી જવાના ચાન્સ વધુ હોય, તેમજ -૪૦°Cથી ૫૫°C સુધીના વાતાવરણમાં પણ આ મ્યુલ્સ ખૂબ જ સારી રીતે કામ કરી શકે છે અને કોઈ પણ સમસ્યા નહીં આવે.

કેપેસિટીઃ દરેક મ્યુલ્સ તેના પર ૧૨-૧૫ કિલોનો સામાન અથવા હથિયાર લઈ શકે છે.

બેટરી લાઈફઃ આ મ્યુલ્સમાં ૨૦ કલાકની બેટરી લાઈફ છે, જેના કારણે તે લાંબા સમય સુધી કાર્ય કરી શકે છે.

એડવાન્સ સેન્સર્સઃ આ મ્યુલ્સમાં થર્મલ કેમેરા અને ૩૬૦ ડિગ્રી સેન્સરનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેના કારણે કોઈ પણ અચાનક હુમલો થાય તો તેને ખબર પડી જાય છે. તેમ જ સર્વેઈલન્સ માટે પણ આ મ્યુલનો ખૂબ જ સારી રીતે ઉપયોગ કરી શકાય છે.

પ્રોસેસિંગ પાવરઃ આ રોબોટમાં NVIDIA Xavier પ્રોસેસર્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે શ્રેષ્ઠ છે.

આ રોબોટિક મ્યુલ્સને કારણે આર્મીને સૌથી મોટો ફાયદો એ થશે કે હવે સૈનિકોની લાઈફને ઓછું રિસ્ક રહેશે. ખૂબ જ ભયજનક વિસ્તારોમાં તપાસ માટે આ રોબોટને મોકલી શકાશે.

સિક્યુરિટીઃ કોઈ પણ જગ્યા અથવા વ્યક્તિની સિક્યુરિટી માટે આ રોબોટ શ્રેષ્ઠ છે. કૂતરું જે રીતે ઘરમાં કોઈ અજાણી વ્યક્તિ આવે અથવા એને કોઈ શંકા લાગે કે તરત ભસવાનું શરુ કરી દે છે, એ જ રીતે આ રોબોટ પણ દરેક પ્રકારની પરિસ્થિતિઓની આગોતરી જાણ થશે. કમ્પાઉન્ડ અથવા છાવણીની પેટ્રોલિંગ માટે આ શ્રેષ્ઠ વિકલ્પ છે.


બોમ્બ ડિસ્પોઝલઃ બોમ્બ ડિસ્પોઝલ જેવા ઘાતક કામ માટે આ રોબોટનો ઉપયોગ કરી શકાય છે. બોમ્બ ફાટ્યો હોય અથવા એવી પરિસ્થિતિ જેમાં મનુષ્યનું અંદર જવું શક્ય ન હોય, ત્યાં આ રોબોટ સરળતાથી જઈ શકે છે. સર્વેઈલન્સ માટેની માહિતી પણ મેળવી શકાશે.

લોજિસ્ટિક સપોર્ટઃ પર્વતયાળ વિસ્તારમાં જ્યાં સાધન-સામગ્રી પહોંચાડવી મુશ્કેલ છે, એ જગ્યાએ આ રોબોટને સામાન લઈને મોકલી શકાશે.

ઘણાં દાયકાથી ઈન્ડિયન આર્મી દ્વારા જે જગ્યાએ વાહન ન જઈ શકે, ત્યાં સામાન પહોંચાડવા માટે ૪૦૦૦થી વધુ પ્રાણીઓનો ઉપયોગ કરવામાં આવે છે. હવે એમાં પરિવર્તન આવશે. આ રોબોટ મ્યુલ્સને ટ્રેન કરવાની જરૂર નથી, તેમ જ તેમને પાણી અને ભોજનની પણ જરૂર નથી પડતી. એક્સ્ટ્રીમ વેધરમાં પણ તેઓ કાર્ય કરી શકે છે, એટલે પ્રાણીઓને છૂટકારો મળશે. આર્મીને આ પ્રકારના ૧૦૦ મ્યુલ્સ મળ્યા છે. હવે ધીમે-ધીમે તેમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને બહુ જલ્દી વિવિધ ઓપરેશનમાં તેમનો ઉપયોગ શરુ થશે. આર્મી પરેડમાં આ મ્યુલ્સનો સમાવેશ કરીને ઈન્ડિયન આર્મી મોર્ડન અને દરેક ટૅક્નોલૉજીનો ઉપયોગ કરવામાં સક્ષમ છે એ દેખાડી દીધું છે. ધીમે ધીમે નવી ટૅક્નોલૉજીનો ઉપયોગ આર્મી દ્વારા કરવામાં આવશે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવે જણાવ્યું

# ભારતીય સિનેમાને વૈશ્વિક સ્તરે પ્રશંસા મળી રહી છે




## વડાપ્રધાન મોદીએ સતત સિનેમાને ‘સોફ્ટ પાવર’ તરીકે મહત્વ આપ્યું છે અને ફિલ્મ ઉદ્યોગને પોતાનો ટેકો આપ્યો છે

સંભાજીનગર, તા. ૧૮

ભારતીય સિનેમાને હવે વૈશ્વિક સ્તરે પ્રશંસા મળી રહી છે. વાસ્તવમાં ભારતીય સિનેમા સરહદ ઓળંગીને હવે વૈશ્વિક સ્તરે એક અલગ ઓળખ ઊભી કરી રહી છે તેમ માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવે જણાવ્યું છે. તેઓ ગઈકાલે ૧૬ જાન્યુઆરીએ આઈફાના એક કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા હતા.

મહારાષ્ટ્રમાં છત્રપતિ સંભાજીનગર ખાતે ૧૦મા અજંતા ઈલોરા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ (AIFF)ની મુલાકાત દરમિયાન ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ સંજય જાજુએ જણાવ્યું હતું કે, “વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સતત સિનેમાને ‘સોફ્ટ પાવર’ તરીકે મહત્વ આપ્યું છે અને ફિલ્મ ઉદ્યોગને પોતાનો ટેકો આપ્યો છે. આજે ભારતીય ફિલ્મો વૈશ્વિક દર્શકોને આકર્ષી રહી છે અને વિશ્વભરમાં અસાધારણ પ્રશંસા મેળવી રહી છે.” મળતા અહેવાલ મુજબ માહિતી અને પ્રસારણ સચિવે ૧૫ જાન્યુઆરીએ મહોત્સવના ઉદ્‌ઘાટન સમારંભમાં હાજરી આપવાની હતી, પરંતુ કેટલાંક કારણસર જાજુ બુધવારે હાજર રહી શક્યા નહોતા. અલબત્ત તેમણે બીજા દિવસે મહોત્સવની મુલાકાત લીધી અને આયોજકો અને પ્રેક્ષકો સાથે વાતચીત કરી હતી.

AIFF ના માનદ અધ્યક્ષ અને પ્રખ્યાત ફિલ્મ નિર્માતા આશુતોષ ગોવારિકર, આયોજન સમિતિના અધ્યક્ષ નંદકિશોર કાગલીવાલ, મહોત્સવ નિર્દેશક સુનીલ સુકથંકર, કલાત્મક નિર્દેશક ચંદ્રકાંત કુલકર્ણી, સર્જનાત્મક નિર્દેશકો જયપ્રદ દેસાઈ, જ્ઞાનેશ ઝોટિંગ, શિવ કદમ અને કન્વીનર નિલેશ રાઉત સહિત અનેક પ્રતિષ્ઠિત હસ્તીઓ દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અંગે વાત કરતાં જાજુએ કહ્યું હતું કે સિનેમા એ ભારતના કલા, નાટક, નૃત્ય અને સંગીતના પ્રાચીન નાટ્ય શાસ્ત્રના લાંબા અને સમૃદ્ધ વારસામાં એક આધુનિક ઉમેરો છે. “મેં કેન્દ્રીય સચિવનો કાર્યભાર સંભાળ્યાને એક વર્ષ થઈ ગયું છે. આ સમયગાળા દરમિયાન છત્રપતિ સંભાજીનગર જેવા પ્રદેશો અને છેંહ્લહ્લ જેવા કાર્યક્રમ સાંસ્કૃતિક જીવંતતા અને સિનેમેટિક વિવિધતા જોવી ખરેખર પ્રેરણાદાયક છે.” આ કાર્યક્રમના આયોજન માટે સ્થાનિક સમુદાયોના સામૂહિક પ્રયાસો ખૂબ પ્રશંસાને પાત્ર છે તેમ પણ તેમણે કહ્યું હતું.

આઈ એન્ડ બી સચિવ સંજય જાજુએ કાર્યક્રમમાં હાજરી આપવા બદલ આનંદ વ્યકત કર્યો. તેમણે આશુતોષ ગોવારિકર દ્વારા આયોજિત એક માસ્ટરક્લાસમાં પણ હાજરી આપી હતી અને તેમાં આપવામાં આવેલી ઊંડાણપૂર્વકની માહિતી તથા વાર્તાલાપથી ખૂબ પ્રભાવિત થયા હતા. તેમણે ઉપસ્થિત શ્રોતાઓને ખાતરી આપી હતી કે ભારત સરકાર AIFF જેવી નવીન પહેલોને સંપૂર્ણ સમર્થન આપશે. “કેન્દ્ર સરકાર આવા અસાધારણ પ્રયાસોને પોષવા અને ભવિષ્યમાં તેમના વિકાસને સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે,” તેવું તેમણે આશ્વાસન આપ્યું હતું.

વિવિધ શાસ્ત્રીય નૃત્યની રજૂઆત થશે

# મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉજવાશે દ્વિ-દિવસીય ઉત્તરાર્ધ ઉત્સવ-૨૦૨૫

## ભરત નાટ્યમ, ઓડીસી, કુચીપૂડી, મોહિની અટ્ટમ, કથ્થક જેવાં શાસ્ત્રીય નૃત્યના વિશ્વ કલાકારોની પ્રસ્તુતિ માણવાનો અમૂલ્ય અવસર

મોઢેરા, તા. ૧૮

મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ ઉત્સવ ૨૦૨૫નું આયોજન થયું છે. બે દિવસના આ મહોત્સવમાં ભારતના વિવિધ શાસ્ત્રીય નૃત્યની રજૂઆત થશે. વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક મોઢેરા સૂર્યમંદિરના પ્રાંગણમાં ભવ્ય ઉત્તરાર્ધ મહોત્સવ-૨૦૨૫નું તા.૧૮ અને ૧૯ જાન્યુઆરીના રોજ આયોજન કરવામાં આવશે. પ્રાચીન નગરી મોઢેરા ખાતે અદ્વિતિય સ્થાપત્ય કલા અર્ચના અને શાસ્ત્રીય નૃત્યનો નગર ઉત્સવ ઉજવવામાં આવતો હતો. આ વર્ષે ઉત્તરાર્ધ મહોત્સવમાં ભરત નાટયમ – ઓડીસી – કુચીપૂડી – મોહિની અટ્ટમ – કથ્થક- કથકલી – મણિપુરી – કથક અને સતરીયા જેવાં શાસ્ત્રીય નૃત્યના વિશ્વવિખ્યાત કલાકારોની પ્રસ્તુતિ આ મહોત્સવમાં પ્રસ્તુત કરવામાં આવશે.

આ અંગે રાજ્ય સરકાર દ્વારા જારી યાદીમાં વધુમાં જણાવાયું છે કે, ઉત્તરાયણના ઉત્સવ પછી સૂર્યની ઉત્તર તરફની ઉર્ધ્વગતિ એટલે કે સૂર્યના ધનુ અને મકર પ્રવેશના મધ્ય-અર્ધ સમયે જ્યારે શિયાળો અંત તરફ જઈ રહ્યો હોય અને દિવસ લાંબો-મોટો થવાની શરૂઆત થતી હોય તેવા ‘અર્ધ’ અવસરે શાસ્ત્રીય નૃત્યનો આ ઉત્સવ સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ ઉત્સવ તરીકે ઉજવવાની પરંપરા રહેલી છે. મોઢેરાનું સૂર્યમંદિર સૂર્ય અને ગ્રહોની સ્થિતિ તથા સૂર્યના પૃથ્વી ભ્રમણના આદિકાળના ઈજનેરી કૌશલ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે તેના પરિણામે સૂર્યમંદિરના પરિસરમાં આ ઉત્સવ ઉજવાય છે.

ભારતીય શાસ્ત્રીય નૃત્યોની ભવ્ય-ગુરૂ શિષ્ય પરંપરાનો પરિચય લોકોમાં વ્યાપક બને તે હેતુથી આ ઉત્તરાર્ધ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૧૯૯૨થી રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે આ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.

ઉત્તરાર્ધ મહોત્સવના દ્વિ-દિવસીય કાર્યક્રમમાં દેશભરના જુદા જુદા કલાક્ષેત્રના કલાકારો દ્વારા કાર્યક્રમ રજૂ કરવામાં આવશે તેમ,રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# યાત્રાધામ બેટ દ્વારકાથી ગત સપ્તાહે ચાલુ થયેલ ડિમોલેશન ઓપરેશન હવે બન્યું મહા મેગા ડિમોલેશન ઓપરેશન !!??



(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૧૮

ભા.જ.પ.ના નેતાઓ કાર્યકરોના બીન અધિકૃત દબાણો તંત્રના ધ્યાન ઉપર આવતાની સાથે ભા.જ.પ.ના બની બેઠેલા નેતાઓમાં હડકંપ મચવા સાથે તેમના ફોન સ્વીચ ઓફ આવતા પ્રજાજનો તેમને શોધવા દોડધામમાં લાગ્યા છે અને નેતાઓ ભૂગર્ભમાં ચાલ્યા જતા તંત્રની થોભો અને રાહ જુઓની નીતિ અને તંત્રનું મૌન કઈંક નવા જૂની થનાર હોવાનું દર્શાવે છે. ગત સપ્તાહે યાત્રાધામ બેટ દ્વારકાથી ચાલુ થયેલ મેગા ડિમોલેશન ઓપરેશન દરમ્યાન વિસ્તારમાં રેકોર્ડ મેગા ડિમોલેશન શરૂ થયું હતું જે આજે સાંતમો દિવસે પણ ચાલુ છે, મેગા ડિમોલિશનના ૬ દિવસમાં ૧,૧૪,૧૩૨ ચો.મી. સરકારી જમીન ખુલ્લી કરાઈ છે. જેમાં ૩૭૬ બીન અધિકૃત મકાનો, ૯ વાણિજ્ય એકમો, ૧૩ ધાર્મિક સ્થાનો કે જે કરાયેલ જમીનની અંદાજિત કિંમત રૂપિયા ૬૦ કરોડ થાય છે. તે રાજસતા કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે દેવભુમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં કુલ્લ ૩૫ ટાપુઓ આવેલા છે. જેમાંથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૨૩ ટાપુઓ પર ના દબાણો દૂર કરાયા છે. જ્યારે હવે કાર્યવાહી આગળ વધતા હવે તે મહા મેગા ડિમોલેશનમાં પરિવર્તીત થયેલ હોય તેમ આ યાત્રાધામ બેટ દ્વારકા ઓખા નગર પાલિકાના વહીવટ હેઠળનો જ એક વિસ્તાર હોય અને હવે આ ડિમોલેશન ઓપરેશન સમગ્ર નગર પાલિકા હદ વિસ્તારમાં અમલી બને તો તે મહા મેગા ડિમોલેશન ઓપરેશન બન્યાનું નકારી શકાતું નથી. ઓખા નગરપાલિકાના હદ વિસ્તાર યાત્રાધામ બેટ દ્વારકાથી ચાલુ થયેલ ઓપરેશન મેગા ડિમોલિશન હવે સમગ્ર પાલિકા વિસ્તારમાં અમલી બનશે તો એક સપ્તાહ દરમ્યાન મુક્ત થયેલ બીન અધિકૃત દબાણ ગ્રસ્ત જમીન જે હજારો ફૂટ ની છે તે આ મહા મેગા ઓપરેશન પુરૂ થતા જમીન ફૂટના બદલે એકરના માપથી અને જેની કિંમત અત્યારે કરોડો રૂપિયા અંકાય છે તે હજાર કરોડમાં ગણાશે તે સત્ય અને નિશ્ચિત હકીકત હોવાનું તંત્ર ખુદ માની રહ્યાનું નકારી શકાતું નથી. કેન્દ્રીય સુરક્ષા એજેન્સીઝો એન.આઈ.યુ.-એ.ટી.એસ.-આઈ.બી.-નેવી.-કોસ્ટગાર્ડના રડારમાં રહેલ સૌરાષ્ટ્રના સાગરકાંઠાના સંવેદનસિલ વિસ્તારોમાં હજારો હેકટર સરકારી ખુલ્લી જગ્યા, ગૌચરની જગ્યા ઉપર દેશદ્રોહી તત્વો દ્વારા સ્લીપર સેલ અને વિદેશી ઘૂષણખોરો માટેના શેલ્ટર સ્થાનો અને પ્રતિબંધિત વસ્તુઓના ગોડાઉન સ્વરૂપના બીન અધિકૃત બાંધકામો સ્થાનિક રાજકારણી નેતાઓ અને મત બેંકના નેતાઓ દ્વારા કરવામાં આવ્યા ના જે તે એજેન્સીઝના કેન્દ્ર સરકારને થયેલા રિપોર્ટ અને તેની તપાસના અંતે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યના મહેસુલ વિભાગને ક્લીન એન્ડ ક્વિક રાજ્ય બનાવવા સંદર્ભે કરાયેલા આદેશ બાદ ગત ઓક્ટોબર ૨૨માં જે તે સ્ટ્રેટેજીક પોઈન્ટ ઉપરના આ પ્રમાણેના બાંધકામો દૂર કરવામાં આવ્યા બાદ ફરીને બે વર્ષ બાદ ક્લીન એન્ડ ક્વિક એકશનના આદેશના પગલે રાજ્યમાં સૌ પ્રથમ યાત્રાધામ બેટ દ્વારકામાં આ પ્રકારના સ્ટ્રેટેજીક પોઈન્ટ સિવાયના સ્થાનો ઉપર બનાવાયેલા બીન અધિકૃત બાંધકામોને રક્ષિત રાખવા સાથે સાથે ઉભા કરાયેલા ધાર્મિક સ્થાનોને પણ દૂર કરવાના કેન્દ્ર સરકારના આદેશ બાદ ગત સપ્તાહથી ચાલુ થયેલ મેગા ડિમોલેશન ઓપરેશન છેલ્લા ત્રણ દિવસથી બેટ દ્વારકા સુધી સીમિતના રહેતા સૌરાષ્ટ્રના અલગ અલગ સ્થાનો ઉપર છેલ્લા થોડા વર્ષો દરમ્યાન ઉભા કરાયેલા વ્યાપારીક દુકાન જેવા ધાર્મિક સ્થાનોને દૂર કર્યા બાદ હવે જે તે ગ્રામ કે નગરપાલિકાની વર્ષ ૧૯૭૧ સમયની ખાલી સરકારી કે ગૌચરની જમીન ઉપર પણ મફતિયા પ્લોટના નામે દબાણ કરાયેલ લાખો મીટર સરકારી ઉપયોગી જમીન ઉપરના દબાણોને પણ હવે દૂર કરવાની કાર્યવાહીના ભાગરૂપે જે તે ગ્રામ, નગરના સરકારી રેકર્ડ ઉપર નોંધાયેલ જમીન માલિકીના રેકર્ડ સાથે રાજ્યમાં અમલી બનેલ એરિયા બેઝ ટેક્ષના કારણે તંત્રના રેકર્ડ ઉપર વધેલા અને હાલમાં નોંધાયેલ મિલ્કતોના કારણે આસાનીથી ધ્યાન ઉપર આવેલા બીન અધિકૃત મિલ્કતના ધારકોના નામ, એડ્રેસ, આધાર કાર્ડ, વ્યવસાય વેરા, સ્થળ સાથેના રેકર્ડને આધારે તંત્ર દ્વારા ગઈકાલથી ચાલુ કરાયેલા મિલ્કત રેકર્ડ વેરિફિકેશનના નામે આવા બીન અધિકૃત બાંધકામ સ્વેચ્છાએ દૂર કરવા અથવા ડિમોલેશન દ્વારા દૂર કરવાની ચાલુ થયેલ કાર્યવાહી અહીં ચાલુ થયેલ મેગા ડિમોલેશન ઓપરેશન હવે મહા મેગા ડિમોલેશન ઓપરેશન બની રહેશે તેવું મનાય અને જણાય છે.

# જૂનાગઢમાં લગ્નની લાલચે સગીરા પર દુષ્કર્મ આચરનાર આરોપીની ગણતરીના કલાકમાં ધરપકડ કરાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ શહેરમાં મધુરમ વિસ્તારમાં રહેતી એક સગીરાને લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચરવામાં આવ્યો હોવાનો બનાવ બનવા પામતા ભારે ચકચાર જાગી ઉઠી હતી. દરમ્યાન આ બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીઆઈ વી.જે.સાવજે તાત્કાલીક તપાસ હાથ ધરી આરોપીની ધરપકડ કરીને તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી- ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે મધુરમ વિસ્તારમાં આવેલ સોસાયટીમાં પરિવાર સાથે રહેતી ૧૭ વર્ષની સગીરા બાજુની સોસાયટીમાં રહેતો મયુર ભદ્રેશ અગ્રાવત નામના યુવકના પરિચયમાં આવી હતી. શખ્સે તરુણીનાં ભોળપણનો લાભ લઈ તેની સાથે મિત્રતા કેળવી હતી. અને લગ્નની લાલચ આપી હતી. યુવકના માતા-પિતા જોબ કરતા હોય ઘરે કોઈ ન હોય ત્યારે સગીરાને પોતાના ઘરે બોલાવતો હતો. લગ્નની લાલચ આપી બળજબરીથી શરીર સંબંધ બાંધી અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. આ બનાવ અંગે પોલીસે પોકસો એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ વી.જે.સાવજે તપાસ હાથ ધરી આરોપીની ગણતરીના કલાકોમાં જ અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢની લોટસ હોસ્પિટલમાં સોનોગ્રાફી કરેલા દર્દીનો રેકોર્ડ ન રાખતા મશીન સીલ કરાયું

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ શહેરમાં આવેલ લોટસ હોસ્પિટલમાં જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા ઈન્સ્પેકશન હાથ ધરાયુ હતુ. જે દરમિયાન હોસ્પિટલમાં સોનાગ્રાફી કરેલ દર્દીનો રેકોર્ડ કે કોઈ ફોર્મ ન ભરાતા તંત્રએ કાર્યવાહી કરી અને આ હોસ્પિટલનુ મશીન સીલ માર્યુ હતુ. જૂનાગઢ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અલ્પેશ સાલવીએ જણાવ્યુ કે, જૂનાગઢ શહેરમાં આવેલ ડો. સંજય બારીયા, લોટસ હોસ્પિટલ ખાતે જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ચેકીંગ હાથ ધરાયુ હતુ. જે દરમિયાન હોસ્પિટલટમાં રજીસ્ટરની તપાસ કરતા સોનોગ્રાફી કરેલ સગર્ભા બહેનનુ ફોર્મ એકપણ દર્દીનુ ભરવામાં આવેલ નહીં તેમજ રજીસ્ટરમાં નોંધણી પણ કરવામાં ન આવતા તંત્ર દ્વારા કાયદાની કલમ-૫(૧)(a)(b)(c), નિયમ-૯(૧),૯(૪), ૧૦(૧A) ના ભંગ અન્વયે એક (૧) સોનોગ્રાફી મશીન સિલ કરવામાં આવ્યુ હતુ. તેમજ કમિટી મિટિંગની સૂચના અન્વયે કલમ-૨૦(૧) હેઠળ નોટિસ ઈસ્યુ કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે. અત્રે ઉલેખનીય છે કે, સોનોગ્રાફી કરતી વખતે જે- તે હોસ્પિટલે આવેલ દર્દીનુ યોગ્ય ફોર્મ ભરવાનુ તેમજ કેટલા દર્દીની સોનોગ્રાફી કરવામાં આવી તેનો રેકોર્ડ રાખવો ફરજીયાત હોય છે. જે ન રહેતા તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

# વેરાવળમાં બારગામ સમસ્ત મુસ્લિમ મછીયારા સમાજની બેઠકમાં નવા હોદેદારોની વરણી કરાઈ

## જખૌથી છારા સુધીના તમામ બંદરોના આગેવાનો ઉપસ્થિત રહયા



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૮

વેરાવળ જાલેશ્વર ખાતે આજે એક મહત્વપૂર્ણ બેઠકમાં બારગામ મુસ્લિમ મછીયારા સમાજના નવા પ્રમુખ તરીકે યુસુફ સુલેમાન ભેંસલીયાની સર્વસંમતિથી નિમણૂક કરવામાં આવી. પૂર્વ પ્રમુખ સુલેમાન હાસમ ઈસમાણીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં જખૌથી છારા સુધીના વિવિધ બંદરોના આગેવાનોએ હાજરી આપી હતી.

સમગ્ર દરિયાકાંઠા વિસ્તારના મછીમાર સમુદાયના હિતોનું પ્રતિનિધિત્વ કરતા આ સંગઠનની બેઠકમાં જખૌ, માંગરોળ, ચોરવાડ, હીરાકોટ, મૂળદ્વારકા, છારા, ગોસાબારા અને ધામળેજ જેવા બંદરોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઈસ્માઈલ અલ્લારખા ભેંસલીયા, મુસા આમદ ભાડેલા, અબ્દુલ્લા ઈસા સમા સહિત અનેક આગેવાનોએ હાજરી આપી હતી. નવનિયુક્ત પ્રમુખ યુસુફ ભેંસલીયાનું ઉપસ્થિત મહાનુભાવોએ હારતોરા કરીને સ્વાગત કર્યું હતું. આ અવસરે યુસુફ ભેંસલીયાએ સમાજના વિકાસ અને ઉત્કર્ષ માટે કટિબદ્ધ રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી.

તેમણે સમગ્ર સમાજનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, સમાજના વિકાસ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેશે. બેઠકમાં મોટી સંખ્યામાં સમાજના લોકોની હાજરી નોંધપાત્ર રહી હતી, જેમાં વિવિધ બંદરોના આગેવાનો આ બેઠકમાં જખૌ બંદરથી ઈસ્માઈલ અલ્લારખા ભેંસલીયા, મુસા આમદ ભાડેલા, માંગરોળ થી અબ્દુલ્લા ઈસા સમાં, હનીફ હાસમ ગોવાલશેરી, મહેમુદ જુસબ, ચોરવાડ થી અકબર ઈબ્રાહીમ ઢોકી, ઈસ્માઈલ ફકીરા, હીરાકોટ થી ગફુર જુસબ ઢોકી, અસફાક અબુ ઢોકી, મૂળદ્વારકા થી જુમ્મા સુમાર ઢોકી, ઈબ્રાહિમ અલ્લારખા ખરાઈ, કાસુ જાફર, અકબર અલ્લારખા, હનીફ જુમ્મા, છારા બંદરથી અબ્દુલ ઈસ્માઈલ ભેંસલીયા, ઈબ્રાહિમ હાસમ ઢોકી, ગોસાબારા થી લાખા ઈસ્માઈલ, હીરાકોટ થી મુસા અબ્દુલ ભેંસલીયા, અયુબ સીદી ઢોકી, ધામળેજ થી ગફુર જુસબ ઢોકી, અસફાક અબુ ઢોકી, વેરાવળ જાલેશ્વર બંદર ના હુસેન અલ્લારખા ઢોકી, ગફુર હાસમ ઢોકી, હારુન સુલેમાન લુચાણી, મહંમદ હનીફ, અનવર ઈબ્રાહિમ, નૂરમામદ ઈસ્માઈલ સહિત આગ્રણી ઓ તેમજ સમસ્ત મુસ્લિમ મછીયારા સમુદાય ના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ઉપસ્થિત આગેવાનો અને સમુદાય દ્વારા સમસ્ત બારગામ મુસ્લિમ મછીયારા સમાજના નવનિયુક્ત પ્રમુખ વેરાવળ જાલેશ્વર બંદરના યુસુબ સીલેમાન ભેંસલીયાને હારતોરા કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

# શિવમ્ ચક્ષુદાન-આરેણાના માધ્યમથી દેહદાન સંકલ્પપત્ર ભરાયું

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૮ : જૂનાગઢ જિલ્લાના માંગરોળના વતની અને હાલ અમદાવાદ(C-૧૨, સુપર સોસાયટી, રામદેવનગર, સેટેલાઈટવિસ્તાર)માં નિવાસ કરતા વિશ્વેશભાઈ પાઠક(ઉ.વ.૭૦)એ દેહદાન કરવાનો સંકલ્પ કરેલ આ માટે વિશ્વેશભાઈ પાઠકે તેમના પત્ની ધાત્રીબેન અને પુત્ર કિંજલભાઈની હાજરીમાં વિરંચીભાઈ શુક્લને શિવમ્ ચક્ષુદાન આરેણા વતી દેહદાનનું સંકલ્પપત્ર ભરેલ છે. જે સંકલ્પપત્રનો સ્વિકાર શિવમ્ ચક્ષુદાન આરેણાના સંચાલકએ સ્વિકારેલ છે. દેહદાનનું સંકલ્પ પત્ર અર્જુનભાઈ સોલંકી દ્વારા જૂનાગઢ મેડિકલ કોલેજ G.M.E.R.S.માં અમારા સાથી એવા સમિરભાઈ દતાણી અને સંજયભાઈ બુહેચા દ્વારા સબમિટ કરવામાં આવ્યું છે. શિવમ્ ચક્ષુદાન આરેણા ટીમ આપના આ માનવકલ્યાણ અંગેના આ ઉમદા વિચારને બિરદાવે છે અને આપને વંદન કરે છે. વિરંચીભાઈ શુક્લ હંમેશા સેવાકીય પ્રવૃતિ સાથે જોડાયેલા રહે છે. જેઓ ચક્ષુદાન, દેહદાન, બ્લડ ડોનેશન કેમ્પ જેવી માનવસેવાકીય પ્રવૃતિમાં હરહંમેશ સેવા આપી રહ્યા છે. તેમજ શિવમ્ ચક્ષુદાન આરેણાની ટીમને સાથ અને સહકાર આપતા રહ્યા છે. આજે તેમના માધ્યમથી વિશ્વેશભાઈ પાઠકના દેહદાન સંકલ્પનો અમો સ્વિકાર કરીએ છીએ અને આ ઉમદા વિચાર બદલ વિશ્વેશભાઈ પાઠક અને તેમના પરિવારને અમો આ માનવકલ્યાણના કાર્યમાં સહભાગી થવા બદલ વંદન કરીએ છીએ અને આપના પ્રેરણાદાયી વિચારને બિરદાવીએ છીએ.

# જૂનાગઢ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલ્કતોનો ટેકસ રિકવરી કરવા ૨૧ ટીમની રચના

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ઘણા લાંબા સમયથી મિલ્કતોનો ટેકસ ભરપાઈ કરવાનો બાકી હોય તેવી મિલ્કતોમાં જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ૨૧ ટીમની રચના કરી રિકવરી ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

જૂનાગઢ મહાનગર પાલિકાની હાઉસટેકસ શાખાની અખબાર યાદી જણાવે છે કે, જૂનાગઢ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલ્કતોનો ઘણા લાંબા સમયથી જે મીલ્કતધારક દ્વારા પોતાની મીલ્કતનો ટેકસ ભરપાઈ કરવામાં આવેલ ન હોય તેવા આસામીઓએ પોતાની મીલ્કતનો બાકી ટેકસ તથા યુઝરચાર્જ ઓફીસ અવર્સ દરમ્યાન ભરપાઈ કરવા જાણ કરવામાં આવે છે જો મીલ્કત ધારક દ્વારા પોતાની મીલ્કતનો બાકી ટેકસ તથા યુઝરચાર્જ ભરપાઈ નહીં કરવામાં આવે તો જૂનાગઢ મહાનગરપાલિકા ઘરવેરા શાખા દ્વારા ૨૧ ટીમોની રચના કરવામાં આવેલ છે અને મિલ્કતોને ટાંચમાં લઈ સીલિંગ અને જપ્તિની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની જૂનાગઢ હદ વિસ્તારમાં આવેલ તમામ મીલ્કતધારકોએ નોંધ લેવા એક યાદીમાં જણાવેલ છે.

# માખીયાળા ગામે ખોટા મેસેજ મોકલવા બાબતે મારામારી : સામસામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ તાલુકાના માખીયાળા ગામે વોટસએપ ગ્રુપમાં ખોટા મેસેજ કરવા બાબતે મારામારીનો બનાવ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાયો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકાના માખીયાળા ગામે ખોડીયાર પ્લોટમાં રહેતા ૫૧ વર્ષીય રમેશભાઈ વલ્લભભાઈ ગજેરા ગુરુવારે સવારે મેવાસા ગામે હતા તે દરમિયાન ગામના સરપંચના ગ્રુપમાં મેસેજ આવ્યો હતો. એટલે જયેશ હરિભાઈ ગજેરાને ફોન કરી તું કેમ મારા વિરુદ્ધ ગ્રુપમાં મેસેજ કરે છે તેમ કહેતા તું ચાર વાગે આવ તેમ કહ્યું હતું. આ પછી શખ્સને સમજાવવા માટે રમેશભાઈ વડાલ રોડ પર આવેલ શંકર મંદિર પાસે મોપેડ લઈને વિપુલભાઈ ધીરુભાઈ ગજેરા સાથે ગયા હતા. જેથી જયેશ હરી ગજેરા અને જીગ્નેશ કાંતિ ગજેરાએ ઉશ્કેરાઈ જઈને ગાળો કાઢી હતી. આ દરમિયાન જયેશે છરી અને પથ્થર વડે હુમલો કરી રમેશભાઈને ઈજા પહોંચાડી મોબાઈલ અને રૂપિયા ૧,૪૦૦ની રોકડની લૂટ ચલાવી બંને શખ્સ નાસી ગયા હતા. ઈજાગ્રસ્ત પ્રૌઢને જૂનાગઢ સિવિલમાં સારવાર માટે ખસેડાયા હતા. ઘટના અંગે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી.જયારે સામાપક્ષે જયેશભાઈ હરિભાઈ ગજેરાને રમેશ વલ્લભ, વિપુલ ધીરુ ગજેરા અને હિતેશ વલ્લભ ગજેરાએ વાડી વિસ્તારમાં બોલાવી ઝપાઝપી કરી પથ્થર વડે મારમારી ઈજા પહોંચાડી હોવાની વળતી ફરિયાદ જયેશ ગજેરાએ નોંધાવી હતી.

# જૂનાગઢ અને સોરઠ પંથકમાં ઠાર : જનજીવન પ્રભાવિત

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ સહિત સોરઠમાં છેલ્લા બે દિવસથી તાપમાનમાં ઘટાડો નોંધાતા ઠંડી વધીને ૧૧.૩ ડિગ્રીએ પહોંચી ગઈ હતી અને જન જીવન પ્રભાવિત થયું છે દરમ્યાન જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હવામાન વિભાગમાંથી મળતી માહિતિ અનુસાર બુધવારે જુનાગઢનું સવારનું લઘુત્તમ તાપમાન ૧૪.૭ ડિગ્રી રહ્યા બાદ બીજા દિવસે ગુરુવારે પારો નીચે ઉતરીને ૧૨.૨ ડિગ્રીએ સ્થિર થયો હતો.જયારે શુક્રવારે સવારે ઠંડી વધીને ૧૧.૩ ડિગ્રી નોંધાઈ હતી. આજે ૧૨.૯ મીનીમમ તાપમાન નોંધાયું છે. છેલ્લા બે દિવસમાં લઘુતમ તાપમાન ૩.૪ ડિગ્રી ઘટવાની સાથે શુક્રવારની સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધીને ૭૩ ટકાએ પહોંચી જતા ધુમ્મસ છવાઈ ગયું હતું. જેની સાથે સાથે સવારથી ૧૦.૩ કિલોમીટરની ઝડપે ઠંડો પવન પણ ફૂંકાતા વાતાવરણ ઠંડુગાર થઈ ગયું હતું. અને તીવ્ર ઠંડીનો સામનો કરવો પડ્યો હતો. બપોરે વાતાવરણમાં ૫૧ ટકા ભેજ સાથે મહત્તમ તાપમાન ૨૭.૩ ડિગ્રી નોંધાયું હતું પરંતુ સાંજ સુધી લોકોને ઠંડીથી રાહત મળી ન હતી અને રાત્રે શરૂ થતાની સાથે ફરી ઠંડીનુ મોજુ ફરી વળ્યું હતું.આજે તાપમાન ૧૨.૯ સાથે ૮૯ ટકા ભેજ અને પવનની ગતિ ૪.૮ નોંધાઈ છે.

# કેશોદ સિવિલ હોસ્પિટલમાં ખુટતી સુવિધાઓ અને ખાલી જગ્યાઓ ભરવા રજુઆત



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૮

કેશોદ શહેરમાં લાખો રૂપિયાનો ખર્ચ કરી પંચોતેર બેડની અધતન સબ ડિસ્ટ્રિક્ટ સિવિલ હોસ્પિટલ ધારાસભ્ય દેવાભાઈ માલમના અથાગ પ્રયત્નોથી મંજુર કરી બનાવવામાં આવી છે. લોકાર્પણ કરવામાં આવ્યાં બાદ ચારેક વર્ષનો સમય વિતી જવા છતાં ખાલી પડેલી જગ્યાએ નિષ્ણાત તબીબોની નિમણૂંક કરવામાં ન આવતાં સુવિધાઓ પુરતાં પ્રમાણમાં મળતી ન હોવાથી આમ આદમી પાર્ટીના હોદેદારો અને કાર્યકરો દ્વારા લેખિતમાં નાયબ કલેકટરને મુખ્યમંત્રીને ઉદેશીને લખેલ આવેદનપત્ર આપી સત્વરે ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપી સુવિધાઓ વધારવા રજુઆત કરી હતી અને ગંભીરતાથી ઉકેલ લાવવામાં આવશે નહિં તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન શરૂ કરવામાં આવશે. કેશોદ શહેર પાંચ તાલુકામાં મુખ્ય મથક ઉપરાંત રાષ્ટ્રીય ધોરીમાર્ગ પસાર થતો હોય આકસ્મિક ઘટનાઓ બનતી હોય છે ત્યારે તાત્કાલિક અસરથી કેશોદ સબ ડિસ્ટ્રિક્ટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ એમડી. એમએસ. ડોકટર ન હોવાથી પ્રાથમિક સારવાર આપી જૂનાગઢ રીફર કરવામાં આવે છે અથવા એમ્બ્યુલન્સ દ્વારા અકસ્માતમાં મળતી સહાયમાં શુભેચ્છા ભેટ મેળવવા ખાનગી હોસ્પિટલમાં જ સીધાં લઈ જવામાં આવે છે. સતાધારી પક્ષના પૂર્વ શહેર પ્રમુખ પ્રવિણભાઈ ભાલારા દ્વારા એકાદ વર્ષ પહેલાં બ્લડ બેંક અને સર્જન ડોક્ટર તેમજ મૃતદેહ સાચવવા કોલ્ડ સ્ટોરેજ રૂમની માંગણી કરી હતી. કેશોદ આમ આદમી પાર્ટીના હોદેદારો અને કાર્યકરો દ્વારા કરવામાં આવેલ રજુઆત ને જનસમર્થન પણ મળી રહ્યું છે ત્યારે સરકાર દ્વારા ગંભીરતાથી વિચાર કરીને ખાલી જગ્યાઓ નિમણૂંક કરવામાં આવશે કે જનપ્રતિનિધિઓ એ આંદોલનના મંડાણ કરવા પડશે એ તો આવનારા દિવસોમાં ખબર પડશે.

# જૂનાગઢમાં જાહેરમાં કચરો ફેંકી ગંદકી ફેલાવનારા સામે કોર્પોરેશન લાલઘુમ : ૩૬,૮૦૦નો દંડ ફટકારાયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢમાં જાહેરમાં કચરો ઠાલવનારા આસામીઓને કોર્પોરેશન દ્વારા આકરો દંડ ફટકારવામાં આવ્યો છે. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર મનપા જૂનાગઢના કમિશ્નર ડો. ઓમ પ્રકાશ અને ડેપ્યુટી કમિશ્નર ડી.જે. જાડેજાની સૂચના અને આસી. કમિશ્નર(ટેક્સ) અને સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ કલ્પેશ ટોલિયાના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અભિયાન અંતર્ગત ૧૭-૧-૨૦૨૫ના રોજ જૂનાગઢ શહેરના તમામ વિસ્તારમાંથી પાનના ગલા તેમજ જાહેરમાં કચરો ઠાલવનારા આસામીઓને ગંદકી કરવા સબબ દંડની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જેમાં ૩૬,૮૦૦ જેવી રકમની વસુલાત કરવામાં આવેલ હતી. મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા અગાઉ પણ અપીલ કરવામાં આવેલ અને ફરીથી અપીલ કરવામાં આવે છે કે ગંદકી અને કચરો જાહેરમાં કે રસ્તા ઉપર ફેંકવો નહિ ડસ્ટબિનમાં રાખવા તેમજ ડોર ટુ ડોર વાહનમાં જ સુકો ભીનો અલગ રાખી આપવા વિનંતી કરવામાં આવે છે.

# વિસાવદરના ભલગામની દીકરી તેમજ ભાડજ ઇસ્કોન મંદિર દ્વારા સંસ્કારોનું ચિંતન કરવા માટે પુસ્તકરૂપી ગીતાજીની વિદ્યાર્થીઓને ભેટ

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૮

મિડલ સ્કૂલ ભલગામના વિદ્યાર્થીઓને ભગવત ગીતાજી વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. મિડલ સ્કૂલના ધોરણ ૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ પરિવારને તેમજ ઉપસ્થિત ગ્રામ પંચાયતના સરપંચ તેમજ આગેવાનો સદસ્યોની ઉપસ્થિતિમાં ધારી તાલુકાના કાથરોટા ગામના હાલ અમદાવાદ ના વતની અને આ ગામના ગઢીયા પરિવારની દીકરી હંસાબેન તથા જમાઈ કનુભાઈ સુતરીયાના પરિવાર તેમજ ભાડજ ઈસ્કોન મંદિર સહયોગથી તમામ ને હિન્દુ ધર્મનો પવિત્ર ગ્રંથ ભગવત ગીતાજી વિતરણ કરી એક સેવાનું કાર્ય કરવામાં આવેલ હતું. વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવા આ કાર્યક્રમ યોજાયેલ હતો. આ ધર્મગ્રંથના દાતાનું સરપંચ અને શાળાના આચાર્ય દ્વારા સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ. આ



કાર્યક્રમમાં ગામના સરપંચ જ્યોત્સનાબેન, ગીરીશભાઈ ગોધાણી, મનીષભાઈ તેમજ ગામના અગ્રણી છગનભાઈ કોટડીયા તથા ગોરધનભાઈ ગઢીયા તથા સંજયભાઈ ગઢીયા તથા દીપકભાઈ ગઢીયા અને જૂથ સેવા સહકારી મંડળીના પ્રમુખ રમેશભાઈ કોટડિયા, સાથે શાળા પરિવાર ઉપસ્થિત રહેલ હતા.

# જૂનાગઢ જીલ્લામાં ૩ અપમૃત્યુના બનાવો નોંધાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ, બીલખા અને માળીયા હાટીના પંથકમાં ૩ અપમૃત્યુના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે જગમાલ ચોક વિસ્તારમાં રહેતા ગૌરવભાઈ ભરતભાઈ ચંપટે જાહેર કરેલ કે પોતાના મૃતક ભાઈ સચીનભાઈ(ઉ.વ.૩૭)એ કોઈ કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે બીલખા પોલીસ મથકે દિલીપભાઈ પાલાભાઈ કાથડે જાહેર કરેલ કે પોતાની મૃતક પુત્ર પ્રીયંકાબોન(ઉ.વ.૧૮)તોની જ્ઞાતિના ધૃવ રાજેશ મકવાણા સાથે આંખ મળી જતા ઘરેથી નીકળી ગયેલ બાદમાં ભુલ અજાણતા થયેલ હોવાનું સમજાતા મા-બાપની બીક લાગતા પોતાની મેળે ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. અને માળીયા હાટીનાના જંગર ગીર ગામે રહેતા અશ્વીનાબેન જેસીંગભાઈ(ઉ.વ.૨૩)એ કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા મોત નિપજયાનું રામીશભાઈ જેઠાભાઈ બારડે માળીયા હાટીના પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.


પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન

SCADA સિસ્ટમનું અપગ્રેડેશન

ટેન્ડર નોટિસ નં. DRM/RJT/E-Tender/EL/TRD/2024-2025/18 તા. 16.01.2025; ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ / ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001; વેબસાઇટની વિગત: www.ireps.gov.in; ટેન્ડર નં. DRM-RJT-EL-TRD-2024-25-18. (i) કામનું નામ: રાજકોટ ડિવિઝનના હાલના SCADA સિસ્ટમમાં સાયબર સુરક્ષાની જોગવાઈના સંબંધમાં SCADA સિસ્ટમનું અપગ્રેડેશન. (ii) અંદાજિત ખર્ચ: ₹ 2,29,03,110/- (iii) અર્નેસ્ટ મની: ₹ 2,64,500/- (iv) ઓનલાઈન અરજી માટેની તારીખ અને સમય: તા. 13.02.2025ના 15:00 કલાક સુધી.

અમને લાઇક કરો: facebook.com/WesternRly 152

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાત
# જ્યાં વિચારો વૈશ્વિક સફળતામાં પરિણમે છે






## 01 ઈકોસિસ્ટમ
- અવિરત વીજળી, ગૅસ અને પાણી પુરવઠો
- 200+ દેશો માટેનું પ્રવેશદ્વાર
- 230થી વધુ ઔદ્યોગિક વસાહતો અને 3 કાર્યરત SIRs
- 49 બંદરો, 4 આંતરરાષ્ટ્રીય સાથે 19 એરપોર્ટ્સ

## 02 પ્રૉએક્ટિવ ગવર્નમેન્ટ
- 200+ મલ્ટિ-ડિપાર્ટમેન્ટલ મંજૂરી માટે સિંગલ વિન્ડો
- રોકાણકારોની સુવિધા માટે સમર્પિત સંસ્થા
- MSMEsને મંજૂરી માટે 3 વર્ષની મુક્તિ

## 03 ક્ષેત્રીય આગેવાની
- કેમિકલ, ફાર્મા, ટેક્સટાઇલ્સ, સિરામિક્સ અને ઓટોમોટિવ જેવાં ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સ્તરે અગ્રણી
- સેમિકન્ડક્ટર, ઇવી અને ફિનટૅક જેવાં ઉભરતાં ક્ષેત્રો માટે વ્યૂહાત્મક ફ્રેમવર્ક
- કુશળ માનવબળની ઉપલબ્ધતા

## 04 નીતિ આધારિત અભિગમ
- 20થી વધુ ક્ષેત્ર માટે વિશિષ્ટ નીતિઓ

## 05 ફ્યૂચરિસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર
- DREAM City, Dholera SIR, MBSIR અને PCPIR જેવાં મેગા પ્રૉજેક્ટ્સ સાથે અગ્રણી
- ભારતની પ્રથમ હાઇસ્પીડ રેલ પ્રૉજેક્ટ કાર્યરત
- GIFT City: વૈશ્વિક નાણાકીય સેવા માટે ભારતનું પ્રથમ સ્માર્ટ સિટી

## 06 સસ્ટેનેબિલિટી
- વિશ્વનું ગ્રીન હાઇડ્રોજન કેપિટલ બનવા માટે સજ્જ
- પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત ક્ષમતામાં અગ્રેસર રાજ્ય
- પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રૉજેક્ટ્સ માટે માન્ય NA જમીન

## 07 ઇઝ ઑફ લિવિંગ
- ઇઝ ઑફ લિવિંગની યાદીના ટોપ-10માં 4 શહેરો સાથે સૌથી સુરક્ષિત રાજ્યોમાં એક
- વૈશ્વિક સ્તરની આરોગ્ય સુવિધાઓ
- વૈશ્વિક સ્તરની સ્પોર્ટ્સ તથા મનોરંજક સુવિધાઓ
- વ્યાપક અને ઉત્તમ રીતે રીતે જોડાયેલ જાહેર પરિવહનની સુવિધા

**ગુજરાતની અસીમિત સંભાવનાઓમાં સમગ્ર વિશ્વ કરી રહ્યું છે રોકાણ**